dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-134 | AD-2026, Fagan Sud-02 | Thursday, Dt. 19-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સર્વોચ્ચ અદાલતે હાઈકોર્ટના તર્કને શરમજનક ગણાવી કડક ટિપ્પણી કરી અને ટ્રાયલ ચાલુ રાખવાનો આદેશ આપ્યો

# પાયજામાનો દોરો ખેંચવો એ બળાત્કારનો પ્રયાસ : સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો ચુકાદો ઉલટાવ્યો

નવી દિલ્હી, તા.૧૮

મહિલાની આબરૂ સાથે છેડછાડ સંબંધિત એક મહત્વપૂર્ણ કેસમાં સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયા અને અલાહાબાદ હાઈકોર્ટના વિવાદાસ્પદ નિર્ણયને રદ કરતાં સ્પષ્ટ કહ્યું છે કે પીડિતાના પાયજામાનું નાડું ખેંચવું અને સ્તન પકડવા જેવી હરકતોને ‘‘માત્ર લજ્જા ભંગ’’ ગણાવી શકાય નહીં, પરંતુ તે ‘‘બળાત્કારના પ્રયાસ’’ની શ્રેણીમાં આવે છે. સર્વોચ્ચ અદાલતે હાઈકોર્ટના તર્કને શરમજનક ગણાવી કડક ટિપ્પણી કરી અને ટ્રાયલ ચાલુ રાખવાનો આદેશ આપ્યો.’’ હાઈકોર્ટે આરોપીઓ સામે લાગેલી IPC કલમ ૩૭૬ (બળાત્કાર) અને POCSO અધિનિયમની કલમ ૧૮ હેઠળના આરોપોને હટાવી, કેસને IPC કલમ ૩૫૪(b) અને POCSO અધિનિયમની કલમ ૯/૧૦ હેઠળ ચલાવવાનો નિર્દેશ આપ્યો હતો. આ નિર્ણય સામે દેશભરમાં કાનૂની નિષ્ણાતો, સામાજિક કાર્યકરો અને રાજકીય વર્તુળોમાં ભારે વિરોધ નોંધાયો હતો. આ મુદ્દે સુપ્રીમ કોર્ટે સ્વયં સંજ્ઞાન લઈ ૨૫ માર્ચે હાઈકોર્ટના નિર્ણય પર રોક લગાવી હતી. બાદમાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે સ્પષ્ટ કર્યું કે મહિલાની સાથે બળજબરીપૂર્વક કપડાં ઉતારવાનો અથવા ઉતારવાનો પ્રયાસ કરવાનો આશય દર્શાવતી કોઈપણ હરકતને ગંભીર ગુનાની શ્રેણીમાં જ ગણવી જોઈએ. અદાલતે કહ્યું કે આવી ટિપ્પણીઓ પીડિતાઓ પર ‘‘ચિલિંગ ઈફેક્ટ’’ પેદા કરે છે, જેના કારણે તેઓ ફરિયાદ પાછી ખેંચવા દબાણ અનુભવી શકે છે. બેન્ચે કડક શબ્દોમાં નોંધ્યું કે



હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલી કેટલીક ટિપ્પણીઓ અસંવેદનશીલ અને અમાનવીય દૃષ્ટિકોણ દર્શાવે છે. અદાલતે જણાવ્યું કે ખાસ કરીને હાઈકોર્ટ જેવી સંવેદનશીલ અદાલતોએ ચુકાદા લખતી વખતે શબ્દોની પસંદગીમાં અત્યંત સાવચેતી રાખવી જરૂરી છે. આવા નિવેદનો ન્યાયપ્રણાલીની વિશ્વસનીયતાને અસર કરી શકે છે. સુપ્રીમ કોર્ટે વધુમાં જણાવ્યું કે જો આવાં ઉદાહરણો વારંવાર સામે આવે તો તમામ હાઈકોર્ટ માટે વિસ્તૃત માર્ગદર્શિકા જાહેર કરવામાં આવશે, જેથી ભવિષ્યમાં આવા વિવાદાસ્પદ અને પીડિતાને દોષારોપણ કરતા અભિગમથી બચી શકાય. બેન્ચે આ પણ સ્પષ્ટ કર્યું કે માર્ગદર્શિકા સરળ અને સ્પષ્ટ ભાષામાં હશે, જેથી તે દરેક ન્યાયાલય માટે ઉપયોગી બને. સુનાવણી દરમિયાન સિનિયર એડવોકેટ શોભા ગુપ્તાએ અન્ય કેટલાક કેસોની પણ નોંધ લીધી, જેમાં નીચલી અદાલતો દ્વારા પીડિતાને જ જવાબદાર ઠેરવતી ટિપ્પણીઓ કરવામાં આવી હતી. આ પર મુખ્ય ન્યાયાધીશે ગંભીર ચિંતા વ્યક્ત કરી અને જણાવ્યું કે અદાલતોમાં, ખાસ કરીને ‘‘ઈન-કેમેરા’’ સુનાવણી દરમિયાન, પીડિતાની ગોપનીયતા અને માનસિક સુરક્ષાનો વિશેષ ખ્યાલ રાખવો જરૂરી છે. આ કેસમાં અલાહાબાદ હાઈકોર્ટના જસ્ટિસ રામ મનોહર નારાયણ મિશ્રાએ આરોપીઓ સામેની કલમોમાં ફેરફાર કર્યા હતા, જેને હવે સુપ્રીમ કોર્ટે અયોગ્ય ગણાવ્યા છે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું કે પ્રાથમિક દ્રષ્ટિએ જો આરોપોમાં બળજબરી અને યૌન આશય સ્પષ્ટ જણાય, તો તેને હળવાશથી નહીં જોવું જોઈએ. આ નિર્ણયને ન્યાયપ્રણાલીમાં લિંગ સંવેદનશીલતા વધારવા દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. સર્વોચ્ચ અદાલતના આ તાજા નિર્ણયથી સ્પષ્ટ સંદેશ મળે છે કે મહિલાની આબરૂ સાથેની કોઈપણ પ્રકારની બળજબરી કે શારીરિક હસ્તક્ષેપને સામાન્ય ગુના તરીકે ગણાવી શકાય નહીં. ન્યાયાલયોએ પીડિતાના અધિકારો, માન-મર્યાદા અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જ જોઈએ.

# ગુનાખોરી સામે સુપ્રીમ કોર્ટનું કડક વલણ: વળતર સજાનો પર્યાય નથી

**પૈસા આપીને સજામાંથી મુક્તિ મેળવવાનો ટ્રેન્ડ ‘ખતરનાક’**

ન્યુ દિલ્હી, તા.૧૮

સુપ્રીમ કોર્ટે ગંભીર ગુનાઓમાં કોઈની સજા ઘટાડીને વળતર વધારવાને ખતરનાક ટ્રેન્ડ ગણાવ્યો. મદુરાઈ હાઈકોર્ટના એક નિર્ણય પર મંગળવારે સુનાવણી કરતા કોર્ટે કહ્યું કે આનાથી સમાજમાં ખોટો સંદેશ જાય છે કે આરોપીઓ માત્ર પૈસા આપીને પોતાની જવાબદારીમાંથી છટકી શકે છે. જસ્ટિસ રાજેશ બિંદલ અને જસ્ટિસ વિજય બિશ્નોઈની બેન્ચે કહ્યું કે સજાનો ઉદ્દેશ્ય ગુના પ્રત્યે ડર પેદા કરવાનો છે, જેથી ભવિષ્યમાં ગુનાઓ રોકી શકાય. સજા ન તો અતિશય કઠોર હોવી જોઈએ અને ન તો એટલી નરમ કે તેનો ભય સમાપ્ત થઈ જાય. હકીકતમાં, સુપ્રીમ કોર્ટ મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચના એક નિર્ણય વિરુદ્ધ દાખલ થયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. હાઈકોર્ટે



એક વ્યક્તિ પર ચાકુથી હુમલો કરીને ગંભીર ઈજા પહોંચાડવાના કેસમાં બે આરોપીઓને ટ્રાયલ કોર્ટમાંથી મળેલી ત્રણ વર્ષની સજા ઘટાડીને ૫-૫ હજાર રૂપિયાના વળતરને વધારીને ૫૦-૫૦ હજાર રૂપિયા કરી દીધું હતું. સર્વોચ્ચ અદાલતે આ નિર્ણય રદ કરી દીધો.બેન્ચે સ્પષ્ટ કર્યું કે પીડિતને વળતર આપવું મહત્વપૂર્ણ છે, પરંતુ તે સજાનો વિકલ્પ હોઈ શકે નહીં. ભારતીય ન્યાય પ્રણાલી બદલા પર નહીં, પરંતુ સુધારા અને પુનર્સ્થાપનના સિદ્ધાંત પર આધારિત છે. કોર્ટે કહ્યું કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૩૯૫માં પીડિતને વળતર આપવાની જોગવાઈ છે, પરંતુ તે સજા ઉપરાંત છે, તે સજાનું સ્થાન લઈ શકે નહીં.

# સિંધ બાદ હવે ભારત રાવી નદીનું પાણી પાકિસ્તાન જતું અટકાવશે

**સિંધુ જળ સંધિ હેઠળ રાવી, બિયાસ અને સતલજ નદીઓના પાણી પર ભારતનો સંપૂર્ણ અધિકાર**

ન્યુ દિલ્હી, તા.૧૯

ભારત સરકાર પાકિસ્તાન સામે કડક વલણ અપનાવી રહી છે. સિંધુ જળ કરારના સંદર્ભમાં મહત્વનો નિર્ણય લેતા, ભારત હવે રાવી નદીના પોતાના હિસ્સાનું પાણી પાકિસ્તાન તરફ વહેતું રોકવાની તૈયારીમાં છે. આ માટે શાહપુર કંડી ડેમ પ્રોજેક્ટ નિર્ણાયક



ભૂમિકા ભજવશે, જેનું કામ હવે અંતિમ તબક્કામાં છે.

આ પ્રોજેક્ટની રૂપરેખા વર્ષ ૧૯૭૯માં તૈયાર કરવામાં આવી હતી અને તેનો શિલાન્યાસ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના હસ્તે થયો હતો. જોકે, પંજાબ અને જમ્મુ-કાશ્મીર વચ્ચેના આંતરરાજ્ય વિવાદોને કારણે દાયકાઓ સુધી આ કામ અટવાયેલું રહ્યું હતું. હવે કેન્દ્ર સરકારના હસ્તક્ષેપથી આ પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ થઈ રહ્યો છે.

રાવી નદીનું પાણી રોકાવાથી પાકિસ્તાનમાં ઉનાળા દરમિયાન જળસંકટ વધુ ઘેરું બની શકે છે. ભારત આ પાણીનો ઉપયોગ જમ્મુ-કાશ્મીર અને પંજાબના લાખો હેક્ટર જમીનને સિંચાઈ પૂરી પાડવા અને વીજ ઉત્પાદન માટે કરશે. સિંધુ જળ સંધિ હેઠળ રાવી, બિયાસ અને સતલજ નદીઓના પાણી પર ભારતનો સંપૂર્ણ અધિકાર છે, જેનો હવે ભારત મહત્તમ ઉપયોગ કરવા જઈ રહ્યું છે.

### શરદ પવાર, અભિષેમ મનુ સંઘવી, કનીમોઝી સહિતના સાંસદોની ટર્મ પૂર્ણ

# દેશના ૧૦ રાજ્યોની ૩૭ બેઠકો પર રાજ્યસભાની ચૂંટણીની જાહેરાત

ન્યુ દિલ્હી, તા.૧૮

ભારતમાં આગામી વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ચૂંટણી પંચે દેશના ૧૦ રાજ્યોની ખાલી પડી રહેલી ૩૭ રાજ્યસભા બેઠકો માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે. આ બેઠકો પર આગામી ૧૬ માર્ચના રોજ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.ચૂંટણી પંચની જાહેરાત મુજબ, આ ૩૭ બેઠકોમાં સૌથી વધુ મહારાષ્ટ્રની ૭ બેઠકોનો સમાવેશ થાય છે. પશ્ચિમ બંગાળ અને બિહાર: ૫-૫ બેઠકો,તમિલનાડુ: ૬ બેઠકો,ઓડિશા: ૪ બેઠકો, આસામ:



૩ બેઠકો, હરિયાણા, છત્તીસગઢ અને તેલંગાણા ૨-૨ બેઠકો, હિમાચલ પ્રદેશ: ૧ બેઠક માટે રાજયસભાની ચૂંટણી યોજાશે. આ બેઠકો પરના સભ્યોનો કાર્યકાળ ૨ એપ્રિલ થી ૯ એપ્રિલ દરમિયાન પૂર્ણ થઈ રહ્યો છે. ચૂંટણી પ્રક્રિયામાં ઉમેદવારી પત્ર ભરવાનો પ્રારંભ ૨૬ ફેબ્રુઆરી, ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૫ માર્ચ, મતદાન અને મતગણતરી ૧૬ માર્ચ રહેશે. આ વખતે રાજ્યસભામાંથી નિવૃત થઈ રહેલા નેતાઓમાં અનેક મોટા નામ સામેલ છે, જેના કારણે રાજકીય પક્ષોમાં ટિકિટ ફાળવણીને લઈને ભારે ઉત્તેજના છે. મુખ્ય નેતાઓમાં શરદ પવાર (NCP) મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા, પ્રિયંકા ચતુર્વેદી (શિવસેના - UBT): મહારાષ્ટ્રની આક્રમક નેતા, હરિવંશ નારાયણ સિંહ: રાજ્યસભાના નાયબ અધ્યક્ષ. કનિમોઝી (DMK)તમિલનાડુના જાણીતા નેતા, અભિષેક મનુ સિંઘવી કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને જાણીતા વકીલ, કેન્દ્રીય મંત્રીઓમાં રામનાથ ઠાકુર અને રામદાસ અગ્રવાલે પણ આ ચૂંટણી મેદાનમાં ઉતરવું પડશે. જ્યારે હરદીપ સિંહ પુરી અને જ્યોર્જ કુરિયન જેવા અન્ય મંત્રીઓનો કાર્યકાળ વર્ષના અંતમાં પૂર્ણ થશે.


# ટી-૨૦ વર્લ્ડ કપ : ભારતનો નેધરલેન્ડ્સને ૧૭ રને હરાવી સતત ચોથો વિજય

અમદાવાદ, તા.૧૮

ભારતીય ટીમે ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં પોતાનું શાનદાર પ્રદર્શન જાળવી રાખતા નેધરલેન્ડ્સને ૧૭ રનથી પરાજય આપ્યો છે. અમદાવાદમાં રમાયેલી ગ્રુપ-Aની આ મેચમાં ભારતે ટોસ જીતી પ્રથમ બેટિંગ કરતા શિવમ દુબેની શાનદાર અડધી સદી (૬૬ રન) અને હાર્દિક પંડ્યાના ૩૦ રનની મદદથી ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૯૩ રન બનાવ્યા હતા.




જવાબમાં, નેધરલેન્ડ્સની ટીમ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૭૬ રન જ બનાવી શકી હતી. ભારત તરફથી વરુણ ચક્રવર્તીએ શાનદાર સ્પેલ ફેંકી ૩ વિકેટ ઝડપી હતી, જ્યારે શિવમ દુબેએ ઓલરાઉન્ડ દેખાવ કરતા ૨ વિકેટ મેળવી હતી.




# ઉજ્જૈનમાં શિવભક્ત હોવાનો દાવો કરનાર મુસ્લિમ યુવક પર હુમલો

ઉજ્જૈન, તા.૧૮

મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં સોમવારે રાત્રે એક ચોંકાવનારી ઘટના બની હતી. મોહાલીથી એક યુવતી સાથે આવેલા ઝફર ખાન નામના યુવકને બજરંગ દળના કાર્યકરોએ નાનાખેડા વિસ્તારમાં પકડી પાડ્યો હતો. યુવકે ધોતી-કુર્તા પહેર્યા હતા, કપાળ પર ત્રિપુંડ લગાવ્યું હતું અને ગળામાં રુદ્રાક્ષની માળા ધારણ કરી હતી. બજરંગ દળને બાતમી મળી હતી કે અલગ-અલગ સમુદાયના યુવક-યુવતી હોટલમાં રોકાયા



છે, જેના આધારે તેમણે તપાસ હાથ ધરી હતી.કાર્યકરોનો દાવો છે કે શરૂઆતમાં યુવકે પોતાની ઓળખ હિન્દુ તરીકે આપી હતી, પરંતુ પૂછપરછ દરમિયાન સત્ય બહાર આવતા તેણે પોતાનું નામ ઝફર ખાન હોવાનું સ્વીકાર્યું હતું.



# સા.કુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળાએ ગુજરાત સરકારના રૂ. ૪,૦૮,૦૫૩ કરોડના ઐતિહાસિક બજેટને આવકાર્યું

સા.કુંડલા, તા.૧૮



ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૬-૨૭ના રૂ. ૪,૦૮,૦૫૩ કરોડના ઐતિહાસિક બજેટને સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ આવકાર્યું છે. તેમણે આ બજેટને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારનું સૌથી મોટું જનકલ્યાણકારી તેમજ ગરીબ અને ખેડૂતલક્ષી બજેટ ગણાવ્યું છે. બજેટમાં ગાંધીનગર ખાતે દેશની પ્રથમ ડિજિટલ 'નમો સેન્ટર લાઈબ્રેરી' બનાવવાની, વીજ લાઈનોને અન્ડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતરિત કરવા 'ગુજરાત વાયર ફ્રી સીટી મિશન'ની અને 'વી બી જી રામ જી યોજના' અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં ૧૨૫ દિવસની રોજગારી આપવાની મહત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી છે. ધારાસભ્ય કસવાળાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના માર્ગદર્શન હેઠળ 'વિકસિત ગુજરાત' ના નિર્માણના વિઝન અને જનકલ્યાણના મિશન સાથેનું આ બજેટ ગુજરાતને નવી ઊંચાઈઓ પર લઈ જશે. આ વિકાસલક્ષી બજેટ આપવા બદલ તેમણે મુખ્યમંત્રી અને નાણામંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજ્ય કક્ષાના ખેલ મહાકુંભમાં ગજેરા કેમ્પસ-વિદ્યાસભાનો દબદબો: હેન્ડબોલમાં ગોલ્ડ મેડલ જીત્યો

અમરેલી, તા.૧૮




નવસારી ખાતે ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાયેલ 'ખેલ મહાકુંભ' રાજ્ય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં અમરેલીના ગજેરા કેમ્પસ-વિદ્યાસભાની બહેનોની ટીમે સુવર્ણ પદક જીતીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ઓપન એજ કેટેગરીમાં **DLSS**ના ખેલાડીઓએ ફાઈનલ સુધી શાનદાર પ્રદર્શન કરી પ્રથમ સ્થાન મેળવ્યું છે. વિજેતા ટીમમાં ઋષિતા સોલંકી, મીના વેગડ, ક્રિષ્ના પરમાર અને અન્ય ખેલાડીઓનો સમાવેશ થાય છે. આ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા અને મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા સહિતના ટ્રસ્ટીઓએ ખેલાડીઓ તેમજ કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર્સને અભિનંદન પાઠવ્યા છે. વિદ્યાસભાના ખેલાડીઓની આ સિદ્ધિએ સમગ્ર અમરેલી જિલ્લાનું ગૌરવ રાજ્ય કક્ષાએ વધાર્યું છે.

## યુવા ભાજપ પ્રમુખ સંજોગ ન્યુઝ ની મુલાકાતે



ભારતીય જનતા પાર્ટી દ્વારા અમરેલીમાં નવા સંગઠનની રચના કરવામાં આવી છે જેમાં યુવા મોરચાના પ્રમુખ તરીકે ચેતનભાઈ ધાનાણીની નિમણૂક કરાઈ છે. જેઓ આજરોજ સંજોગ ન્યુઝની મુલાકાતે પધાર્યા હતા. મુલાકાત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે વધુમાં વધુ યુવાનોને સંગઠનમાં જોડવા તથા સરકારની તમામ યોજનાઓને છેવાડાના લોકો સુધી પહોંચે તે માટે યુવા ટીમ કામગીરી કરશે.

# બગસરા નાગરિક સહકારી મંડળીના લોન બાકીદારને ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા

બગસરા,તા.૧૮





બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લિ. ની ચલાલા શાખાના લોન બાકીદાર સામેના ચેક રિટર્ન કેસમાં અમરેલી કોર્ટે ચુકાદો આપી આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ ચૂકવી આપવા હુકમ કર્યો છે. બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લિ. ની ચલાલા શાખામાંથી ઢોલરવા ખાતે રહેતા વનરાજભાઈ અનકભાઈ વાળાએ રૂ. ૫૦,૦૦૦ ની સભાસદ શાખ લોન લીધી હતી. આ ધિરાણ વસૂલાત અને લોન બાકી પેટે તેઓએ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. નો તા. ૩૧/૦૭/૨૦૨૫ નો મંડળીને રૂ. ૫૧,૦૪૫ નો ચેક આપ્યો હતો. આ ચેક મંડળીના બેંક ખાતામાં ક્લિયરિંગમાં નાખતા અપૂરતા બેલેન્સના કારણે પરત ફર્યો હતો. ત્યારબાદ મંડળીના ચેરમેનના માર્ગદર્શન હેઠળ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરતા પૂર્વે વકીલ મારફત નોટિસ આપવામાં આવી હતી. કેસ અમરેલી એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટમાં ચાલી જતાં, મંડળી તરફથી એડવોકેટ ચંદ્રેશભાઈ બી. મહેતા અને અશોક બી. વાળાએ ધારદાર દલીલો રજૂ કરી હતી. કોર્ટે આ દલીલો ગ્રાહ્ય રાખીને અપાયેલા ચુકાદામાં આરોપીને એક વર્ષની સાદી કેદ તથા ચેકની રકમ ફરિયાદી મંડળીને ચૂકવી આપવાનો હુકમ ફરમાવ્યો છે.

# મોંઘીબા મહિલા કૉલેજમાં માતૃભાષા મહોત્સવ અંતર્ગત કવિ સંમેલન યોજાયું

અમરેલી,તા.૧૮



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને કૉલેજના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા મહોત્સવ ૨૦૨૬ નિમિત્તે ૧૮/૦૨/૨૦૨૬ના રોજ 'કવિ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી થઈ હતી. ત્યાર બાદ કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ગિરીશ વી. વેલિયત દ્વારા શાબ્દિક સ્વાગત અને પ્રસંગોચિત ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રેરક અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જહાનો ઓડિયો વીડિયો શુભેચ્છા સંદેશ રજૂ કરીને કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત કવિ નીતિન વડગામા, કવિ ભરત વિંઝુડા અને કવિ વિપુલ પંડ્યાએ વિવિધ વિષયો પર હૃદયસ્પર્શી તેમજ ચિંતનપ્રેરક કાવ્યો રજૂ કર્યા હતા.

# મોટા ઝીંઝુડા ગામે વર્લ્ડ એનિમિયા અવેરનેસ ડેની ઉજવણી કરાઈ

સાવરકુંડલા,તા.૧૮



બુધવાર ના રોજ મોટા ઝીંઝુડા ખાતે આરોગ્ય કર્મચારી મોટા ઝીંઝુડા દ્વારા 'વર્લ્ડ એનિમિયા અવેરનેસ ડે ની ઉજવણી થઈ હતી. એનિમિયા અંતર્ગત મમતા દિવસમાં સર્ગભા માતા, ધાત્રી માતા, અને કિશોરી ઓને એનીમિયા વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. તેમજ આયૅન ફોલિક એસિડ ની ટેબ્લેટ આપવામાં આવેલ.

તેમજ દર અઠવાડિયે બુધવારે આયર્નની ટેબ્લેટ લેવા માટે સમજાવવામાં આવ્યું અને આયર્ન ટેબ્લેટના ફાયદા અને ઉણપ વિષે ખાસ સમજણઆપવામાં આવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




# રાજુલાના ગુરુકુળમાં "પતંગિયાની પાંખે" સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૧૮


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલાના સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે ૧૫ ફેબ્રુઆરીના રોજ "પતંગિયાની પાંખે" નામનો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ તકે સંસ્થાના ટ્રસ્ટી કે. પી. સ્વામી, સંતો, આમંત્રિતો, વાલીઓ અને મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલ દેશભક્તિસભર નૃત્યો, સંગીતમય પ્રસ્તુતિઓ, સંસ્કારપ્રેરક નાટિકાઓ અને વિવિધ સાંસ્કૃતિક કૃતિઓએ ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે વર્ષ ૨૦૨૫ની વાર્ષિક પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકમંડળ તથા સંચાલકમંડળે ભારે જહેમત ઉઠાવી હતી.

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.63/2026

**પ્રતિ,**
શ્રી બચુભાઈ અલીભાઈ લાલાણી,
રહે.ગીરદેવળી, ગામ-ગીરદેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

.....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, ગીરદેવળી,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ગીરદેવળી ગામના રહીશ બચુભાઈ અલીભાઈ લાલાણી તથા ગુલાબાનુ બચુભાઈ લાલાણીના પુત્ર ફીરોજ બચુભાઈ લાલાણીનો જન્મ તારીખ **01/06/1973** ના રોજ કોડીનાર તાલુકાના ગીરદેવળી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત ગીરદેવળી, તાલુકો-કોડીનાર સને.**1973** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.62/2026

**પ્રતિ,**
શ્રી બચુભાઈ અલીભાઈ લાલાણી,
રહે.ગીરદેવળી, ગામ-ગીરદેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

.....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, ગીરદેવળી,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ગીરદેવળી ગામના રહીશ બચુભાઈ અલીભાઈ લાલાણી તથા ગુલાબાનુ બચુભાઈ લાલાણીના પુત્ર સલીમ બચુભાઈ લાલાણીનો જન્મ તારીખ **01/06/1971** ના રોજ કોડીનાર તાલુકાના ગીરદેવળી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત ગીરદેવળી, તાલુકો-કોડીનાર સને.**1971** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.64/2026

**પ્રતિ,**
શ્રી બચુભાઈ અલીભાઈ લાલાણી,
રહે.ગીરદેવળી, ગામ-ગીરદેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

.....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, ગીરદેવળી,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ગીરદેવળી ગામના રહીશ બચુભાઈ અલીભાઈ લાલાણી તથા ગુલાબાનુ બચુભાઈ લાલાણીના પુત્ર અનવર બચુભાઈ લાલાણીનો જન્મ તારીખ **01/06/1969** ના રોજ કોડીનાર તાલુકાના ગીરદેવળી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત ગીરદેવળી, તાલુકો-કોડીનાર સને.**1969** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -:: જાહેર નોટીસ ::-

આથી અમો નીચે સહી કરનાર ડી.એસ. અમરેલીયા, એડવોકેટ એન્ડ નોટરી રહે. અમરેલીના જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે ગામઃ ભાણીયા, તા.ખાંભા, જી. અમરેલી ગુજરાત રાજય તે ગામની ખેતીની જમીન ખેડ ખાતા નં.૧૩૦ રે.સ.નં. ૪૧ (જુનો રે.સ.નં. ૩૫ પૈકી ૫) હે.આ.ચો.મી. ૧-૮૨-૧૧ આકાર જુડી ૧.૫૦ વાળી જમીનના માલીક (૧) મહેતા જુગતાબેન બટુકરાય (૨) મહેતા નીતાબેન બટુકરાય (૩) મહેતા વિજયભાઈ બટુક રાય (૪) મહેતા સંજયભાઈ બટુક રાય પાસેથી અમારા અસીલ ગરણીયા કમલેશભાઈ સામતભાઈ રે. અમરેલી ઠે. દેવીકૃપા, શીવ નગર, બ્રાહમણ સોસાયટી, અમરેલી રહે. અમરેલીવાળા સદરહું જમીન ખરીદવા માંગે છે. આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને તથા લાગતા વળગતા સર્વોને જણાવવાનુ કે, સદરહુ ખેતીની જમીન બાબતમાં હરકોઈને કશો લાગભાગ, હકક હિત કે હિસ્સો હોય અગર તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર કે કોઈપણ પ્રકારનુ સરકારી, સહકારી બેન્ક, મંડળી કે અન્ય ખાનગી વ્યકિતનું કોઈપણ લ્હેણુ બાકી હોય તે અગર અન્ય બીજા કોઈ માલીકી હકક દાવા, ગણોત હકક હોય તો તે અંગેના જરૂરી તમામ દસ્તાવેજ આધાર પુરાવા સદહું નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦ મા નીચે લખેલ સરનામે લેખીતમા રજી.પોસ્ટ એ.ડી. થી મોકલવા જણાવવામા આવે છે.

જો તેમ કરવામાં કસુર થશે તો કોઈના કોઈપણ પ્રકારનો વાંધો નથી અને અથવા આવા હકકો હોય તો તે જતા કર્યા છે એટલે કે વેવ કરેલ છે તેમ ગણી મુદત વિત્યે અમારા અસીલ ઉપરોકત વિગતને ખેતીની જમીન ખરીદ કરવા સોદો ચોકકસ કરી અને તેને કાયદેસરનો પાકો અઘાટ વેચાણ દસ્તાવેજ કરાવી લઈ નોંધાવી લેશે તેની સ્પષ્ટ નોંધ લેવા વિનંતી છે. મુદત બાદ આવેલ કોઈપણ વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની આ જાહેર લાગતા વળગતા સર્વોએ નોંધ લેવા વિનંતી છે.

સ્થળ : અમરેલી.
તારીખ : /૨/૨૦૨૬

**અમારા અસીલની સૂચનાથી,**
**સહી,**
**(ડી.એચ. અમરેલીયા)**
એડવોકેટ (જી.૨૦૬૨ ૨૦૦૩)
જી.૪૧ (એ) સરદાર શોપીંગ સેન્ટર,
જિલ્લા પંચાયત સામે, અમરેલી.
મો.નં. ૮૧૨૮૯ ૭૫૩૩૧

# ગુજરાત સરકારના બજેટને આવકારતા અમરેલી જિલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ મનિષ સંઘાણી

અમરેલી,તા.૧૮



ગુજરાત રાજ્ય માટે વર્ષ ૨૦૨૬-૨૭નું રૂ. ૪,૦૮,૦૫૩ કરોડનું વિક્રમ બજેટ રજૂ થવા પર અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીએ હર્ષ વ્યક્ત કર્યો છે. આ બજેટ ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળની સરકારમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા સતત પાંચમી વખત રજૂ કરવામાં આવ્યું છે, જે પોતે એક વિક્રમ સમાન છે.મનીષ સંઘાણીએ જણાવ્યું કે આ બજેટ સર્વગ્રાહી અને સર્વસમાવેશક અભિગમ પર આધારિત છે. પાંચ મુખ્ય સ્તંભ સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતરિક માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આવાસ યોજના, આંગણવાડી કેન્દ્રો અને પાંચ નવી GIDC સ્થાપવાની જાહેરાત વિકાસને નવી દિશા આપશે.બજેટમાં ૨૪૬૩ નવી બસો શરૂ કરવાની યોજના, જૂની શરતની જમીનોને નવી વ્યાખ્યા આપવાનો નિર્ણય તથા દરેક

**દરેક ઘેર પાણી પહોંચાડવા રૂ. ૧૦૦ કરોડની ફાળવણી મહત્વપૂર્ણ**

ઘેર પાણી પહોંચાડવા રૂ. ૧૦૦ કરોડની ફાળવણી મહત્વપૂર્ણ છે. રાજ્યને ડમ્પ-ફ્રી બનાવવા અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે રૂ. ૫૬૦૦ કરોડની જોગવાઈ વિકાસપ્રતિબદ્ધતા દર્શાવે છે. વર્ષ ૨૦૨૬ને પ્રવાસન વર્ષ જાહેર કરાયું છે.

# ગુજરાત બજેટ ૨૦૨૬-૨૭ને આવકારતા જનક તળાવીયા

અમરેલી,તા.૧૮



લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય જનક તળાવીયાએ રાજ્ય સરકાર દ્વારા રજૂ કરાયેલા વર્ષ ૨૦૨૬-૨૭ ના ગુજરાત બજેટનું હાર્દિક સ્વાગત કર્યું છે. તેમણે આ બજેટને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કર્તવ્ય આધારિત શાસન અને વિકાસમુખી વિઝનને આગળ ધપાવનારું ગણાવ્યું હતું.


ધારાસભ્યએ જણાવ્યું હતું કે, નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા વિધાનસભામાં રજૂ કરાયેલ ૪ લાખ ૮ હજાર કરોડના કદનું આ બજેટ ગયા વર્ષની સરખામણીએ ૧૦.૨ ટકાનો વધારો દર્શાવે છે. કુલ ખર્ચના ૬૫ ટકા વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે ફાળવવામાં આવ્યા છે. આ બજેટ ખાસ કરીને ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિના સશક્તિકરણ પર કેન્દ્રિત છે.શિક્ષણ, રમતગમત અને કલ્ચર માટે ૬૪ હજાર કરોડથી વધુ (૨૦%), 'નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન' માટે ૨૨૬ કરોડ, આરોગ્ય અને સામાજિક સુરક્ષા માટે ૧૯% તથા કૃષિ અને શહેરી વિકાસ માટે ૧૧% ની ફાળવણી કરવામાં આવી છે. જ્યારે કેપિટલ એક્સપેન્ડિચર માટે ૩૯% ફાળવણી રાજ્યમાં સતત વિકાસને પ્રોત્સાહન આપશે.

અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળવા બદલ ગર્વ વ્યક્ત કરતા ધારાસભ્યએ "ઓલિમ્પિક રેડી અમદાવાદ" માટે ૧૨૦૦ કરોડથી વધુની ફાળવણીને આવકારી હતી. આ ઉપરાંત, હાઈ-સ્પીડ કોરિડોર માટે ૮૦૦ કરોડ, ક્લાયમેટ રેઝિલિયન્ટ માર્ગો માટે ૬૦૦ કરોડ, AI અને ડિજિટલ ગવર્નન્સ માટે ૮૫૦ કરોડ તથા ૬ રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન માટે લગભગ ૭ હજાર કરોડની ફાળવણી "વિકસિત ગુજરાત ૨૦૪૭" ના સપનાને સાકાર કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે તેમ જણાવી, સર્વસમાવેશી બજેટ રજૂ કરવા બદલ નાણામંત્રી અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

**આજ રોજ અમરેલી શહેર ખાતે**

# કાનજી ભૂટા બારોટ બોર્ડીંગનું મોરારી બાપુના વરદ હસ્તે લોકાર્પણ થશે

અમરેલી,તા.૧૯





આગામી તા.૧૯ ના રોજ બપોરના ૨:૦૦ કલાકે અમરેલી ખાતે સુપ્રસિધ્ધ વાર્તાકાર કાનજી ભૂટા બારોટ બોર્ડીંગનું લોકાર્પણ વિશ્વવંદનિય પૂ.મોરારીબાપુના વરદહસ્તે કરવામાં આવશે.આ પ્રસંગે પૂ.મોરારીબાપુ સમગ્ર બારોટ સમાજને આશીવર્ચન પાઠવશે. આ પ્રસંગ આ બોર્ડીંગના રૂા.૨૫ લાખના ભૂમિદાતા હાસ્યકલાકાર અને સમાજસેવક પદમ ડો. જગદીશ ત્રિવેદીની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. તેમજ યુવાધનમાં આજના સમયની માંગ તેવા શિક્ષણની જયોત જગાડનાર સુરત-સચિન પરિત્રાણ ગરુરૂકુલના સ્વામીજી પૂ.વિવેક મિશ્રાજી ખાસ ઉપસ્થિતી રહેશે. આ તકે સમગ્ર બારોટ સમાજની ઉપસ્થિતીમાં પૂ.મોરારીબાપુ અને ડો.જગદીશભાઈ ત્રિવેદીનુ સમગ્ર બારોટ સમાજ વતી અમરેલી બારોટ સમાજ સન્માનિત કરશે. બારોટ બોર્ડીંગનો લોકાપર્ણ કાર્યક્રમ સવારે ૧૧:૦૦ કલાકે પ્રારંભ થશે. બારોટ સમાજ ટ્રસ્ટ અમરેલી સંચાલિત કાનજી ભૂટા બારોટ બોર્ડીંગ અમરેલી ખાતે લીલીયા રોડ, લીલીયા બાયપાસે, દાદાભગવના મંદિર પાસે, તૈયાર કરવામાં આવે છે. જેમાં બોર્ડીંગના સમગ્ર દાતાઓ ખાસ ઉપસ્થિતી રહેશે. સમગ્ર બારોટ સમાજ અને શૈક્ષણિક દાતાઓના સહયોગથી તૈયાર થયેલ જે સમગ્ર બારોટ સમાજનું ગૌરવ છે. ત્યારે સમગ્ર બારોટ સમાજ પૂ.મોરારીબાપુ

**બોર્ડીંગ ભૂમિદાતા પદ્મશ્રી જગદીશ ત્રીવેદી ખાસ ઉપસ્થિતી રહેશે**

અને બોર્ડીંગના ભૂમિદાતા ડો. જગદીશભાઈ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરે છે. આ કાનજી ભૂટા બારોટ બોર્ડીંગ સંપૂર્ણ તૈયાર થશે. જરૂરિયામંદ વિદ્યાર્થીઓને આ બોર્ડીંગનો લાભ મળશે. તેમ બારોટ સમાજ ટ્રસ્ટ અમરેલીના પ્રમુખ નારણભાઈ લગધીરની એક યાદીમાં જણાવાયુ છે.

# યુવતીનું પરિવાર સાથે મિલન કરાવતી અભયમ ટીમ

અમરેલી,તા.૧૮

એક પીડિત યુવતીએ ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર ફોન કરી જણાવ્યું હતું કે, બહેન સાથે ઝઘડો થવાથી પોતે ઘરેથી એકલા નીકળી ગઈ છે અને રાત્રીનો સમય હોવાથી તેને ડર લાગે છે. આ કોલ મળતા જ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના કાઉન્સિલર પૂનમ ભુવા, મહિલા કોન્સ્ટેબલ મીરાબેન તથા પાઈલોટ સંજયભાઈ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચ્યા હતા, જ્યાં યુવતી રેલવે સ્ટેશન પર બેઠી હતી. ૧૮૧ ની ટીમે યુવતી સાથે વાતચીત કરતા ૨૧ વર્ષીય યુવતીએ જણાવ્યું હતું કે, તેઓ ચાર બહેનો છે. તેમની માતા ચારેય બહેનોને સરખો જ પ્રેમ કરે છે, છતાં તેની નાની બહેન તેની સાથે વારંવાર કામ બાબતે ઝઘડા કરે છે અને 'માતા તને જ વધારે સાચવે છે' તેમ કહી ઝઘડો કરે છે. આ બાબતનું લાગી આવતા તે ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગઈ હતી.

ત્યારબાદ હેલ્પલાઈન ટીમે યુવતી પાસેથી તેના પરિવારના સંપર્ક નંબર મેળવી તેમની સાથે વાતચીત કરી સમગ્ર ઘટનાની જાણ કરી હતી. પરિવારે જણાવ્યું હતું કે તેઓ રસ્તામાં જ છે અને યુવતીને લેવા આવી રહ્યા છે, જેથી તેમના આવવા સુધી યુવતીને પોતાની પાસે જ રાખવા વિનંતી કરી હતી. થોડી જ વારમાં યુવતીના પરિવારજનો ત્યાં આવી પહોંચ્યા હતા. ૧૮૧ ની ટીમે તેમની સાથે વાતચીત કરી, યોગ્ય કાઉન્સેલિંગ કર્યું હતું અને યુવતીનું ધ્યાન રાખવા સમજાવીને તેને સુરક્ષિત રીતે પરિવારને સોંપી હતી. આ કામગીરી બદલ પરિવારજનોએ ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# મઢડા ગામે સિંહે ત્રણ ઘેટાનું મારણ કરતા ફફડાટ

અમરેલી,તા.૧૮

સાવરકુંડલા તાલુકાના મઢડા ગામે વહેલી સવારે એક સાવજે ત્રણ ઘેટાનું મારણ કર્યું છે. આ ઘટનાથી ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. મળતી માહિતી મુજબ, આ હુમલો બાબુભાઈ શામજીભાઈ સોલંકીના ઘેટાના વાડામાં થયો હતો. સાવજે તેમના ત્રણ ઘેટાને શિકાર બનાવ્યા હતા.સાવજના આ હુમલાથી પશુપાલકો અને ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. આ વિસ્તારમાં સાવજની અવરજવરથી લોકો ચિંતિત છે. ઘટના અંગે સરપંચ અને વન વિભાગને જાણ કરવામાં આવી છે.

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ.અશોકભાઈ ચંદુલાલ કાનાબાર (ઉ.વ.૬૩) નું તા.૧૭/૦૨/૨૦૨૬ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે અનિરૂધ્ધભાઈ, સુભાષભાઈ, કિરીટભાઈ, જયશ્રીબેન, લતાબેન, રૂપાબેનના ભાઈ અને હેમાલી પ્રિન્સીના પિતાશ્રી તથા અક્ષયકુમાર અટારાના સસરા, પોપટલાલ વલ્લભદાસ માનસતાના જમાઈ થાય છે. તેમની સદગતનું બેસણુ તથા સસરા પક્ષની સાદડી તા.૧૯/૦૨/૨૦૨૬ને ગુરૂવારના રોજ સાંજના ૪થી ૫ કલાક સુધી ચંદ્રમૌલીશ્વર મહાદેવ મંદિર, અંજતા જનકપુરી સોસાયટી, ગંગોત્રી ડેરી શેરી, સાધુ વાસવાણી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**


ગં.સ્વ.દિવ્યાબેન અશોકભાઈ પટેલ (ઉ.વ.૭૦) નું તા.૧૭/૦૨/૨૦૨૬ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે અશોકભાઈ ચંદુભાઈ પટેલના પત્ની તથા કેતનભાઈ અશોકભાઈ પટેલ અને સુમિતભાઈ અશોકભાઈ પટેલના માતૃશ્રી થાય છે. તેમનું સદગત બેસણુ તા.૧૯/૦૨/૨૦૨૬ને ગુરૂવારના રોજ સવારે ૯થી સાંજના ૫ સુધી અમારા નિવાસસ્થાને ઉમીયા કુંજ હાથસણી રોડ મીરા પાનની સામેની શેરી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**રાજકોટ**

ગં.સ્વ.સરોજબેન અનંતરાય કક્કડનું તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે અનંતરાય દલસુખભાઈ કક્કડના ધર્મ પત્ની, મુકેશભાઈ તથા નિલેશભાઈના માતૃશ્રી, રેખાબેન, નિતાબેનના માતૃશ્રી, સ્વ.છોટાલાલ ગોરધનભાઈ ખીમાણી, ગોંડલના પુત્રી ચંદુલાલ દલસુખભાઈ કક્કડના ભાભી થાય છે. તેમનું બેસણુ તા.૧૯/૦૨/૨૦૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪:૩૦ થી ૫:૩૦ વાગે રાખેલ છે. તથા પીયરપક્ષની સાદડી સાથે રાખેલ છે. સ્થળ :પંચનાથ મહાદેવ મંદીર લીમડા ચોક રાજકોટ.

# સા.કુંડલામાં શિવરાત્રિએ રક્તદાન કેમ્પ યોજાયો

સા.કુંડલા, તા.૧૮



સાવરકુંડલા ખાતે આવેલા સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમે મહાશિવરાત્રિ મહોત્સવનો ભવ્ય સમારોહ યોજાયો હતો. આ અવસરે સમૂહ પાર્થિવ શિવલિંગ મહાપૂજા તેમજ પૂજ્ય દાદા ગુરુદેવ સ્વામીજગદીશ્વરાનંદજીના જીવનચરિત્ર ગ્રંથ "જીવન સુધા" અને પૂજ્યપાદ સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા રચિત "સદવિચાર દિવાકર" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.પ્રભાતે શિવસ્ત્રોત પાઠ, પ્રાર્થના, ધૂન અને સંકીર્તન સાથે ષોડશોપચાર પૂજન કરવામાં આવ્યું. સ્વામી ભોલાનંદ સરસ્વતીજીએ શિવતત્વ, શિવરાત્રિ વ્રતનો મહિમા અને જીવ-શિવ એકતાના વિષય પર પ્રવચન આપ્યું. પુસ્તક વિમોચન કાર્યક્રમમાં સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિત આગેવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં હજારો શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. રક્તદાન કેમ્પમાં ૨૦૮ બોટલ રક્ત એકત્રિત થયું હતુ.

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, યુગકુમાર રામભાઈ કુકડીયા જાહેર કરૂ છું કે મારું જુનું નામ યુગકુમાર રામભાઈ કુકડીયા થી બદલીને નવું નામ કુકડીયા યુગ રામભાઈ કરવામાં આવ્યું છે. તેથી હવેથી હું કુકડીયા યુગ રામભાઈ તરીકે ઓળખાઈશ આ બંને વ્યક્તિ હું એક જ છું.

સહી : કુકડીયા યુગ રામભાઈ

સરનામું : બ્લોક નં. એ-૫, જલારામ નગર ૧, શેરી નં. ૨, હનુમાનપરા રોડ, અમરેલી-૩૬૫૬૦૧.


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો



ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર

10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર

13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

સંકુલ ધો. ૬ થી ૮

ગર્લ્સ સ્કૂલ બપોર

મિશ્ર સ્કૂલ સવાર

EM સ્કૂલ સવાર

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત

શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી - Ad201



BLUE BUDDHA

Shopping With us can be very rewarding

END OF SEASON SALE

BUY 1 GET 1 FREE

Visit our shop today to avail Amazing Offer

SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806

■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા

www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?



- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય





અવતાર

સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


**જાહેર નોટીસ**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

અરજી નં.૩૮/૨૦૨૬

જન્મ તારીખ : ૦૧/૦૧/૧૯૮૮

શ્રી બાલુભાઈ જેસીંગભાઈ ઝાલા
રહે.અમોદ્રા, ગામ-અમોદ્રા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત અમોદ્રા, તા.ઉના, જિ. ગીરસોમનાથ ..........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધ કરાવવા બાબત**

આથી જારેશ જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી બાલુભાઈ જેસીંગભાઈ ઝાલા રહે.આમોદ્રા, તાલુકો-ઉના, જિલ્લો-ગીરસોમનાથ વાળાએ તેમના પુત્રી રક્ષાબેન બાલુભાઈ ઝાલાનો જન્મ તારીખ : ૦૧/૦૧/૧૯૮૮ના રોજ ઉના તાલુકાના આમોદ્રા મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાના રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તા.૦૫/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી.નં.૨૨/૨૦૨૬

શ્રી લોદરીયા પ્રવીણભાઈ આણંદભાઈ
મુ.તા.લીલીયા મોટા જિ.અમરેલી ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, લીલીયા મોટા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી લોદરીયા પ્રવીણભાઈ આણંદભાઈના પુત્રી શ્રધ્ધાબેન પ્રવીણભાઈ લોદરીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૭ના રોજ લીલીયા મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૩૫/૨૫ તા.૧૭/૦૨/૨૦૨૬

વિવાદી :- શ્રી સામતભાઈ જોધાભાઈ જોગરાણા
ઠે.ભીંગરાડ, તા.લાઠી, જી.અમરેલી
મો.૯૯૧૩૮ ૩૨૨૮૨
અરજદારશ્રીના વિ.વ.શ્રી વિપુલકુમાર જે. ઓજા,
ઠે.૨-ગણેશ કોમ્પલેક્ષ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે,લાઠી,

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.ભીંગરાડ, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ભીંગરાડ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રી કેવલબેન સામતભાઈ જોગરાણા નો જન્મ તા.૦૫/૦૧/૧૯૯૧ ના રોજ ભીંગરાડ, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૫/૧૦/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૨/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

**//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૬૧/૨૦૨૬

અરજદાર :- શ્રી વિજયાબેન બટુકભાઈ ફૂકવાવા
રહે.પાણીયા, તા. જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મુ. પાણીયા, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના પાણીયા ગામમાં અરજદાર શ્રી વિજયાબેન બટુકભાઈ ફૂકવાવા તેઓના માતૃશ્રી કાશીબેન બટુકભાઈ ફૂકવાવાની મરણ (તા.૦૧/૦૧/૨૦૦૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# અમરેલીની મોંઘીબા મહિલા કૉલેજ ખાતે "સશક્ત યુવા અને ભગવદ્ ગીતા" વિષય પર પરિસંવાદ યોજાયો

અમરેલી,તા.૧૮



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ અને રાજ્ય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરિયા સંસ્થાપિત કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ - અમરેલીના સંયુક્ત ઉપક્રમે મોંઘીબા મહિલા કૉલેજ ખાતે "સશક્ત યુવા અને ભગવદ ગીતા" વિષય પર પરિસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે અમરેલી શહેર ભાજપના મંત્રી આરતીબેન અટારા અને શ્રી કિરણબેન પડાયા તથા એ.બી. વી.પી.ના પૂર્વ નગર અધ્યક્ષ પ્રા. જે. એમ. તળાવિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સંયોજક મનીષભાઈ સિદ્ધપુરાએ કર્મભૂમિ ડેવલપમેન્ટ ટ્રસ્ટનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન મનીષભાઈ સિદ્ધપુરા અને મોંઘીબા કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. જી.વી. વેલિયત દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. વેલિયતે શાબ્દિક સ્વાગત કર્યું હતું, ત્યારબાદ કૉલેજની વિદ્યાર્થિની બહેનોએ પુષ્પગુચ્છથી મહેમાનોને આવકાર્યા હતા.

# સાવરકુંડલા શહેરમાં બાળકોના ઝઘડામાં પરિણીતા પર દિયર અને સસરાનો હુમલો

**જાનથી મારી નાખવાની ધમકી**

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં બાળકો વચ્ચે ચાલતી રમતનો ઝઘડો લોહિયાળ બન્યો હતો. સામાન્ય બાબતમાં દિયર અને સસરાએ ઉશ્કેરાઈ જઈને પરિણીતાને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ હતી. બનાવ સંદર્ભે સીતાબેન મુકેશભાઈ ચોપડા (ઉ.વ.૩૬)એ મહેશભાઈ કાનજીભાઈ ચોપડા તથા કાનજીભાઈ ભીખાભાઈ ચોપડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે ફરિયાદી મહિલાની દીકરી સુરભી અને તેના ભાઈઓ વચ્ચે રમત-રમતમાં ઝઘડો થઈ રહ્યો હતો. આ દરમિયાન ફરિયાદીના દિયર મહેશભાઈ અને સસરા કાનજીભાઈ ત્યાં આવી પહોંચ્યા હતા. દિયર મહેશભાઈએ અચાનક ઉશ્કેરાઈ જઈને ભત્રીજી સુરભીને ગાલ પર લાફો ઝીંકી દીધો હતો અને અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. જ્યારે તેમણે પોતાની દીકરીને માર મારવાની ના પાડી અને વિરોધ કર્યો, ત્યારે દિયર અને સસરા બંને પિત્તો ગુમાવી બેઠા હતા. બંનેએ ભેગા મળીને તેને ગંદી ગાળો આપી હતી અને ઢીકાપાટુ તેમજ લાફા વડે બેરહેમ માર માર્યો હતો. હુમલો કર્યા બાદ જતી વખતે દિયર મહેશભાઈએ તેમને જાનથી મારી નાખવાની ગંભીર ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે જે રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના લાલકા ગામે બાવળની કાટમાંથી દારૂની ૮ બોટલ ઝડપાઈ

**પોલીસે પ્રકાશ કરમશીભાઈ મકવાણા સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં પોલીસે પ્રોહીબીશન સામે લાલ આંખ કરી છે. બાબરાના લાલકા ગામે સરકારી પડતર જગ્યામાં બાવળની કાટમાંથી દારૂની ૮ બોટલ સાથે યુવક ઝડપાયો હતો.

પ્રકાશ કરમશીભાઈ મકવાણા (ઉ.વ.૧૯) પાસેથી આ જથ્થો મળ્યો હતો. પોલીસે ૧૧,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. આ સિવાય જિલ્લામાંથી વિવિધ સ્થળેથી ૨૨ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ પકડાયો હતો. જ્યારે ૩૧ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# સાવરકુંડલા રીક્ષા હટાવવાનું કહેતા લોજ સંચાલક પર હુમલાનો પ્રયાસ

**સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે એલ મકવાણા વધુ તપાસ શરૂ કરી**

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરના ભરચક વિસ્તારમાં આવેલી નુતન લોજ પાસે રસ્તો રોકીને ઉભેલી રિક્ષા હટાવવા જેવી નજીવી બાબતે મામલો બિચક્યો હતો. લોજ સંચાલકે રસ્તો કરી આપવાનું કહેતા રિક્ષાચાલક સહિત ત્રણ શખ્સોએ ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી કરી માર મારવા દોડી આવતા ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે હિતેષભાઈ અરવિંદભાઈ પંડયા (ઉ.વ.૪૭)એ યુસુફભાઈ તથા અન્ય બે ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ જ્યારે પોતાની નુતન લોજ પર જઈ રહ્યા હતા, ત્યારે લોજની નીચે આવેલા દાદરા પાસે આરોપી યુસુફભાઈએ પોતાની ઓટો રિક્ષા આડી રાખી રસ્તો રોકી દીધો હતો. તેમણે રિક્ષા દૂર લેવા માટે વિનંતી કરતા રિક્ષાચાલકને આ વાત માઠું લાગી હતી. રિક્ષાચાલક યુસુફભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ફરિયાદીને ગાળો આપવા લાગ્યા હતા. આ દરમિયાન બાજુમાં ઉભેલા અન્ય બે શખ્સો પણ ત્યાં ધસી આવ્યા હતા. આ ત્રણેય શખ્સોએ ભેગા મળીને જાહેરમાં બિભત્સ ગાળો ભાંડી હતી. તેમજ માર મારવા માટે પાછળ દોડી હુમલાનો પ્રયાસ કર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે એલ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# નાની બહેન સાથે ઝઘડો કરતાં પિતાએ ઠપકો આપતાં મોટી બહને ગળાફાંસો ખાધો

**નવા ઉજળા ગામે વાડીએ ઘટના બની**

વડીયા, તા.૧૮

વડીયાના નવા ઉજળા ગામે વાડીએ એક પરપ્રાંતીય પરિવાર રહેતો હતો. જ્યાં નાની બહેન સાથે ઝઘડો કરતાં પિતાએ ઠપકો આપતાં મોટી બહેને ગળાફાંસો ખાઈ લેતા મોત થયું હતું. આ અંગે મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના ન્યારૂભાઈ દીતીયાભાઈ અમલીયાર (ઉ.વ.૩૩) એ જાહેર કર્યા મુજબ, રમીલાબેન ન્યારૂભાઈ અમલીયાર (ઉ.વ.૧૬)એ નાની બહેન સાથે ઝઘડો કર્યો હતો. જેથી મરણજનારને તેમના પિતાએ ઠપકો આપતા મનમાં લાગી આવતા ગળાફાસો ખાઈ જતા મરણ પામ્યા હતા. વડીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી ટી બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલામાં 'શ્રી દાનેવ હિન્દુ મહા સંમેલન' સંપન્ન: જ્ઞાતિ-જાતિના ભેદભાવ ભૂલી એક થવા સંતોની હાકલ

અમરેલી,તા.૧૮




અમરેલી જિલ્લાના ચલાલા પંથકમાં સનાતન ધર્મની રક્ષા અને હિન્દુ સમાજમાં અતૂટ એકતાના નિર્માણ કાજે આર.કે.એમ.એમ. હાઈસ્કૂલના પટાંગણમાં "શ્રી દાનેવ હિન્દુ મહા સંમેલન" ભવ્ય રીતે સંપન્ન થયું હતું. "સંગઠિત હિન્દુ, સુરક્ષિત હિન્દુ" ના પ્રબળ મંત્ર સાથે આયોજિત આ સંમેલનમાં ચલાલા સહિત સમગ્ર પંથકમાંથી હજારોની જનમેદની ઉમટી પડી હતી. આ કાર્યક્રમમાં અમરેલી આર્ષ. અધ્યયન કેન્દ્રના અધ્યક્ષ નિત્યશુદ્ધાનંદ સરસ્વતીજી, આપા દાનાની જગ્યાના લઘુમહંત મહાવીર બાપુ ભગત, ગાયત્રી સંસ્કાર ધામના વડા ડો. રતિદાદા મહેતા, માનમંદિરના મહંત ભક્તિરામ બાપુ સહિત વિવિધ આશ્રમો અને મંદિરોના સંતો-મહંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંતોએ પોતાના આશીર્વચનમાં સનાતન સંસ્કૃતિના મૂલ્યોની જાળવણી પર ભાર મૂક્યો હતો. અધ્યક્ષ ગોરધનભાઈ ગેડિયાએ ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે સૌરાષ્ટ્ર પ્રાંત સહ પ્રચારક કમલેશભાઈ રાદડિયાએ સામાજિક જાગૃતિ અને સમરસતા વિશે પ્રેરણાદાયી વક્તવ્ય આપતા પક્ષ, જ્ઞાતિ કે જાતિના વાડાઓ ભૂલીને માત્ર હિન્દુ તરીકે સંગઠિત થવા હાકલ કરી હતી. આ ભવ્ય આયોજનમાં નગરપાલિકા, રાજકીય અને સામાજિક ક્ષેત્રના અનેક આગેવાનોએ હાજરી આપી હતી. સંમેલન દરમિયાન ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, ચાડીયા પ્રાથમિક શાળા, ચલાલા કન્યા શાળા, પાણીયાદેવ પ્રા. શાળાના વિદ્યાર્થીઓ અને બ્રહ્માકુમારીઝની બહેનો દ્વારા પર્યાવરણ, રાષ્ટ્ર સેવા, વ્યસન મુક્તિ, કરાટે ગીત અને વૈદિક મંત્રોચ્ચાર સહિતની કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ તમામ ભાવિકો માટે સમૂહમાં ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક વનરાજભાઈ વાળા અને અશોકભાઈ કાથરોટીયાએ કર્યું હતું, જ્યારે આભારવિધિ મંત્રી સંદીપભાઈ પાનસુરીયાએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા દાનેવ હિન્દુ મહા સંમેલન સમિતિ-ચલાલાની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# અમરેલીની બી. એન. વિરાણી કન્યા શાળામાં "ગુડ ટચ - બેડ ટચ" વિષય પર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૮



અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત (અમરેલી) સંચાલિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) ની બી. એન. વિરાણી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કન્યા શાળા ખાતે તા. ૧૭/૦૨/૨૦૨૬ ના રોજ 'ગુડ ટચ - બેડ ટચ' વિષય પર એક મોટીવેશન સ્પીચ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વક્તા તરીકે અમરેલી સિટી પોલીસ સ્ટેશનનાં વૈશાલીબેન ચાવડા (WUHC) અને દયાબેન ચાવડા (PC) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ શાળાની વિદ્યાર્થિનીઓને 'ગુડ ટચ અને બેડ ટચ' વચ્ચેનો તફાવત સમજાવીને સાવચેતી રાખવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પડવો
તા.૧૯-૦૨-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૧૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: જ્યેષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૧૯-૦૨-૨૦૨૬ ગુરૂવાર

- મેષ: પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે.
- વૃષભ: વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે અને તમે તહેવારની ખરીદી માટે પણ જઈ શકો છો.
- મિથુન: સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, પણ આકસ્મિક અન્ય કામ દ્વારા રદ કરી શકાય છે.
- કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે.
- સિંહ: વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે.
- કન્યા: તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે.
- તુલા: કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે.
- વૃશ્ચિક: દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો.
- ધન: વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે.
- મકર: સામાજિક ક્ષેત્રમાં તમારી ક્રિયાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારો વિસ્તાર પણ વધશે.
- કુંભ: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે.
- મીન: વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. સંતાન પક્ષની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે.

# જાફરાબાદ લાલબત્તી વિસ્તારમાં યુવક પર પથ્થરમારો અને લાકડાના ધોકા વડે હુમલો

જાફરાબાદ, તા. ૧૮

જાફરાબાદના લાલબત્તી વિસ્તારમાં સામાન્ય બાબતે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા હિંસક ઘટના સામે આવી હતી. આરોપીઓએ એકસંપ કરી, ગેરકાયદેસર મંડળી રચીને લાકડાના ધોકા અને પથ્થરો વડે હુમલો કરતા બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. રાજુભાઈ વાલાભાઈ શીયાળ (ઉ.વ.૨૪) એ શુકરભાઈ વિક્રમભાઈ બારૈયા, સુરેશભાઈ વિક્રમભાઈ બારૈયા, પ્રતાપભાઈ વિક્રમભાઈ બારૈયા તથા કંચનબેન બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓ છોટા હાથી વાહન લઈને ફરિયાદીના ઘર પાસે ધસી આવ્યા હતા. કોઈ અગમ્ય કારણોસર ઉશ્કેરાયેલા આ શખ્સોએ હાથમાં લાકડાના ધોકા જેવા હથિયારો ધારણ કરી આતંક મચાવ્યો હતો.

હુમલા દરમિયાન પથ્થરનો છુટ્ટો ઘા મારવામાં આવતા સાહેદ ભાણજીભાઈને માથાના ભાગે ગંભીર ફ્રેક્ચર થયું હતું. તેમજ સાહેદ રવજીભાઈને લાકડાના ધોકા વડે હુમલો કરતા તેમને શરીરે મૂઢ ઈજાઓ પહોંચી હતા. અન્ય આરોપીઓએ પણ તેમની અને સાહેદોને ઢીકાપાટુનો માર મારી, ગાળાગાળી કરી હતી. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.પી.ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

**બે વ્યક્તિઓને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા**

# નર્મદા સિમેન્ટ કંપની દ્વારા ૪૫ દિવ્યાંગોને સ્વચ્છતા કીટનું વિતરણ

જાફરાબાદ,તા.૧૮



નર્મદા સિમેન્ટ કંપની દ્વારા જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. કંપનીએ આસપાસની નવ શાળાઓના ૪૫ દિવ્યાંગ અને જરૂરિયાતમંદ બાળકોને સ્વચ્છતા કીટનું વિતરણ કર્યું હતું.આ યોજનાનો મુખ્ય હેતુ બાળકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવાનો અને તેમને આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવા પ્રોત્સાહિત કરવાનો છે.

# રાજુલા એસટી ડેપોની કથળતી સેવા: ધારાસભ્યની લીલીઝંડી બાદ પણ મુસાફરો રામભરોસે

**ડ્રાઈવર-કંડકટરની અછત હોવાનુ જણાવતુ એસટી તંત્ર**

અમરેલી,તા.૧૮



રાજુલા પંથકના મુસાફરો માટે એસટી નિગમની સેવા હાલ માથાના દુખાવા સમાન બની છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા જનતાની સુખાકારી માટે અનેક નવા રૂટોને લીલીઝંડી આપી પ્રારંભ કરાવ્યો હતો, પરંતુ તંત્રની ઉદાસીનતાને કારણે આ સુવિધા માત્ર કાગળ પર રહી ગઈ હોય તેવું જણાય છે.

ધારાસભ્યએ સવારે ૫ કલાકે રાજુલા-ભાવનગર અને બપોરે ૨ કલાકે રાજુલા-રાજકોટ/જૂનાગઢ જેવા મહત્વના રૂટો શરૂ કરાવ્યા હતા. જોકે, નવાઈની વાત એ છે કે બીજા જ દિવસથી આ બસો બંધ કરી દેવામાં આવી. એસટી તંત્ર દ્વારા 'ડ્રાઈવર-કંડક્ટરની અછત' અથવા 'ખરાબ રસ્તા' જેવા બહાના હેઠળ આ રૂટો બંધ કરાયા છે, જેનાથી સ્થાનિકોમાં ભારે રોષ છે.

# માલવણ ગામમાં AAP ના પોસ્ટરો બાબતે વિવાદ: સરપંચની કલેક્ટરને રજૂઆત

અમરેલી,તા.૧૮




અમરેલી તાલુકાના માલવણ ગામમાં આમ આદમી પાર્ટી (AAP) ના પોસ્ટરો લગાવવા બાબતે ભારે હોબાળો મચ્યો છે. ગામના સરપંચ ભરત બાલધાના જણાવ્યા અનુસાર, અજાણ્યા શખ્સોએ ગ્રામપંચાયતની કોઈ પણ પ્રકારની પૂર્વ મંજૂરી વગર કોમ્યુનિટી હોલ, શિવમંદિરની દીવાલ અને અન્ય જાહેર મિલકતો પર પોસ્ટરો ચોંટાડ્યા છે.સરપંચે આક્ષેપ કર્યો છે કે આ પોસ્ટરોમાં વપરાયેલી ભાષા તોછડી અને ઉશ્કેરણીજનક છે, જે ગામની સુલેહ-શાંતિ જોખમાવી શકે છે. ખાસ કરીને બાળકોના માનસ પર આની નકારાત્મક અસર પડવાની ભીતિ તેમણે વ્યક્ત કરી છે. આ મામલે સરપંચે જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે અને માંગ કરી છે કે તમામ બિનઅધિકૃત પોસ્ટરો તાત્કાલિક દૂર કરવામાં આવે, સરકારી મિલકતને નુકસાન પહોંચાડનારા તત્વો સામે કાયદેસરની કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

તંત્રી લેખ

# એ આઈ ટેકનોલોજી એટલે તક અને જવાબદારી

નવી દિલ્હીમાં યોજાયેલ ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ એ દેશને એક નવી દિશા બતાવતો પ્રસંગ સાબિત થયો છે. આ સમિટમાં **"AI"** એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિ – મશીન દ્વારા માનવી જેવી વિચારશક્તિ) વિશે વિસ્તૃત ચર્ચા થઈ. સરકારનો સંદેશ સ્પષ્ટ હતો કે ટેકનોલોજીનો લાભ દરેક નાગરિક સુધી પહોંચવો જોઈએ. પરંતુ આ વિચારને હકીકતમાં બદલવા માટે ઘણી તૈયારી અને ગંભીર પ્રયાસોની જરૂર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં **'AI fro All'** એટલે કે 'સૌ માટે કૃત્રિમ બુદ્ધિ'નો મંત્ર આપ્યો. આ વિચાર ખૂબ સરસ અને લોકહિતકારી છે. ટેકનોલોજી માત્ર મોટા શહેરો, મોટી કંપનીઓ અથવા અમીર લોકો સુધી મર્યાદિત ન રહેવી જોઈએ. ગામડાંના ખેડૂતો, નાના વેપ ારીઓ, વિદ્યાર્થીઓ અને ગરીબ વર્ગને પણ તેનો લાભ મળવો જોઈએ.

પરંતુ પ્રશ્ન એ છે કે શું દેશના દરેક ખૂણે પૂરતું ઈન્ટરનેટ, તાલીમ અને સાધનો ઉપલબ્ધ છે? જો મૂળભૂત સુવિધાઓ જ ન હોય તો ટેકનોલોજીનો લાભ કેવી રીતે મળશે? કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ભારત પોતાનાં સ્વદેશી "ફાઉન્ડેશન મોડલ" (મૂળ આધારિત કૃત્રિમ બુદ્ધિના પ્રોગ્રામ) તૈયાર કરશે. આ વિચાર દેશ માટે ગૌરવની બાબત છે. ભારત અનેક ભાષાઓ અને સંસ્કૃતિઓ ધરાવતો દેશ છે. જો કૃત્રિમ બુદ્ધિ ભારતીય ભાષાઓને સમજે, સ્થાનિક સમસ્યાઓનો ઉકેલ આપે અને આપણા સમાજને અનુરૂપ બને, તો તે સાચી પ્રગતિ ગણાશે. વિદેશી ટેક કંપનીઓ પર સંપૂર્ણ નિર્ભર રહેવાને બદલે સ્વદેશી વિકાસ દેશને ડિજિટલ સ્વતંત્રતા આપશે. આ સમિટમાં આરોગ્ય, કૃષિ અને શિક્ષણ ક્ષેત્રમાં કૃત્રિમ બુદ્ધિના ઉપયોગ અંગે ચર્ચા થઈ. આરોગ્ય ક્ષેત્રમાં રોગોની વહેલી ઓળખ થઈ શકે, કૃષિમાં પાકનું ઉત્પાદન કે હવામાનનું અનુમાન મળી શકે અને શિક્ષણમાં દરેક વિદ્યાર્થીને તેની જરૂર મુજબ માર્ગદર્શન મળી શકે. આ બધું સાંભળવા ખૂબ ઉત્સાહજનક લાગે છે. પરંતુ સાથે સાથે "ડેટા પ્રાઈવસી" (માહિતીની ખાનગીતા) અને "સાયબર સુરક્ષા" (ડિજિટલ સુરક્ષા) જેવા મુદ્દાઓ પર ગંભીર વિચાર કરવો જરૂરી છે. જો લોકોની ખાનગી માહિતી સુરક્ષિત ન રહે તો વિશ્વાસ ખોવાઈ શકે. કૃત્રિમ બુદ્ધિ રોજગાર પર પણ અસર કરશે. કેટલીક પરંપરાગત નોકરીઓ ઘટી શકે, કારણ કે મશીનો ઘણા કામ ઝડપથી કરી શકે છે. પરંતુ બીજી બાજુ નવી નોકરીઓ પણ ઊભી થશે. અહીં "સ્કિલ ડેવલપમેન્ટ" એટલે કે કુશળતા વિકાસ ખૂબ જ મહત્વનો બની જાય છે. યુવાનોને નવી ટેકનોલોજી શીખવવી, તાલીમ આપવી અને બદલાતા સમયમાં યોગ્ય બનાવવું સરકાર અને સમાજ બંનેની જવાબદારી છે. માત્ર જાહેરાતોથી કામ નહીં ચાલે, જમીન પર પરિણામ દેખાવા જોઈએ. આ સમિટે દેશને આત્મવિશ્વાસ આપ્યો છે, પરંતુ સાથે જ એક ચેતવણી પણ આપી છે. ટેકનોલોજી શક્તિશાળી સાધન છે, પરંતુ તેનો ઉપયોગ સમજદારીપૂર્વક થવો જોઈએ. જો કૃત્રિમ બુદ્ધિનો વિકાસ માત્ર નફો કમાવા માટે થશે તો સમાજમાં અસમાનતા વધી શકે. શહેર અને ગામ વચ્ચેનું ડિજિટલ અંતર વધુ સ્પષ્ટ થઈ શકે. તેથી સમાન તકો આપવી અત્યંત જરૂરી છે. ડિજિટલ ઈન્ડિયા (ડિજિટલ ભારત – ટેકનોલોજી આધારિત શાસન અને સેવા યોજના) જેવી પહેલોએ દેશમાં ઈન્ટરનેટ અને ઓનલાઈન સેવાઓનો વિસ્તાર કર્યો છે. પરંતુ હજી પણ ઘણા વિસ્તારોમાં ડિજિટલ સાક્ષરતા (ટેકનોલોજી સમજવાની ક્ષમતા) ઓછી છે. કૃત્રિમ બુદ્ધિનો લાભ ત્યારે જ મળશે જ્યારે લોકો તેને સમજશે અને તેનો ઉપયોગ કરી શકશે. આ સમિટે વિશ્વને સંદેશ આપ્યો છે કે ભારત ટેકનોલોજી ક્ષેત્રમાં આગળ વધવા માટે તૈયાર છે.

# દિલ્હીમાં ભરાયો કૃત્રિમ બુદ્ધિનો મેળો, ભારતે આપ્યો 'સૌ માટે કૃત્રિમ બુદ્ધિ'નો મંત્ર




પ્રાસંગિક

સુરેશ દેસાઈ

તાજેતરમાં નવી દિલ્હીમાં કૃત્રિમ બુદ્ધિ એટલે કે કૃબુ વિષય પર એક ભવ્ય આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વભરના ટેકનોલોજી નિષ્ણાતો, વૈજ્ઞાનિકો, નીતિ ઘડવૈયાઓ અને ઉદ્યોગજગતના અગ્રણીઓ જોડાયા હતા. સેમિનારનો મુખ્ય હેતુ કૃત્રિમ બુદ્ધિ ટેકનોલોજી દ્વારા વૈશ્વિક સમસ્યાઓનો ઉકેલ શોધવાનો અને ભારતને આ ક્ષેત્રમાં આગળ લાવવાનો હતો.

પહેલાં એ સમજી લઈએ કે કૃત્રિમ બુદ્ધિ એટલે શું. સરળ ભાષામાં કહીએ તો કૃત્રિમ બુદ્ધિ એટલે કમ્પ્યુટર કે મશીનને એવી રીતે શીખવવું કે તે માણસોની જેમ વિચારી શકે, સમજી શકે અને નિર્ણયો લઈ શકે. જેમ એક નાનું બાળક જોઈને, સાંભળીને અને અનુભવ મેળવીને શીખે છે, તેમ કૃત્રિમ બુદ્ધિ પણ આંકડાઓમાંથી નમૂનાઓ શોધીને પોતાની મેળે શીખે છે. આને જ 'યાંત્રિક અધ્યયન' કહેવાય છે. આપણે રોજબરોજ કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ કરીએ છીએ, ઘણીવાર એ જાણ્યા વગર. સ્માર્ટફોનને ચહેરો બતાવીને ખોલવો હોય, યુટ્યુબ પર આપણી પસંદગીના વિડિઓના સૂચનો મળતા હોય, ગૂગલ નકશા ટ્રાફિક મુજબ રસ્તો બતાવતા હોય કે પછી ફ્લિપકાર્ટ અને અમેઝોન 'તમને આ પણ ગમી શકે છે' એવા સૂચનો કરતા હોય, એ બધામાં કૃત્રિમ બુદ્ધિ જ કાર્યરત હોય છે.

કૃત્રિમ બુદ્ધિ ઘણી બાબતોમાં માણસો કરતાં વધુ સારું કાર્ય કરે છે, જેમ કે ઝડપથી ગણતરી કરવી, મોટા પ્રમાણમાં આંકડાઓનું સંસ્કરણ કરવું, થાક્યા વગર સતત કામ કરવું અને એક જ કામ વારંવાર ચોકસાઈથી કરવું. પરંતુ લાગણીઓ સમજવી, સર્જનાત્મકતા, નૈતિકતા અને અનિશ્ચિત પરિસ્થિતિમાં નિર્ણય લેવાની બાબતમાં માણસો હજુ પણ આગળ છે. કૃત્રિમ બુદ્ધિ એક સાધન છે, જેનો ઉપયોગ કેવી રીતે થાય છે તે મહત્વનું છે.

દિલ્હીના સેમિનારમાં કૃત્રિમ બુદ્ધિ અને હરિત ટેકનોલોજીના સમન્વય અંગે ઊંડાણપૂર્વક ચર્ચાઓ થઈ હતી. ભારતે આ મંચ પરથી 'સૌ માટે કૃત્રિમ બુદ્ધિ' નો મંત્ર આપ્યો હતો. એટલે કે ટેકનોલોજીનો લાભ માત્ર મોટી કંપનીઓ કે શ્રીમંત દેશો પૂરતો મર્યાદિત ન રહેતાં સામાન્ય માણસ સુધી પહોંચવો જોઈએ. નિષ્ણાતોએ ખેતી, આરોગ્ય અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં કૃત્રિમ બુદ્ધિ કેવી રીતે ક્રાંતિ લાવી શકે તેના સફળ ઉદાહરણો રજૂ કર્યા હતા.

ખાસ કરીને ખેડૂતો માટે હવામાનની સચોટ આગાહી અને પાકના રોગોનું વહેલું નિદાન કરવામાં કૃત્રિમ બુદ્ધિ આધારિત એપ્લિકેશનો આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. કિસાન ઈ-મિત્ર જેવી અવાજ આધારિત સંવાદી સેવા અગિયાર પ્રાદેશિક ભાષાઓમાં ખેડૂતોને સરકારી યોજનાઓ અંગે માહિતી આપે છે, જ્યારે રાષ્ટ્રીય જીવાત નિરીક્ષણ પ્રણાલી જીવાતોના ઉપદ્રવને શોધીને ખેડૂતોને સમયસર ચેતવણી આપે છે. હરિત ટેકનોલોજીના ક્ષેત્રમાં ન્યુટ્રલ ટેક્નોલોજીસ અને સ્માર્ટ જ્યુલ્સ જેવા પ્રારંભિક ઉદ્યોગો કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ કરીને ઊર્જા કાર્યક્ષમતા વધારવા અને કાર્બન ઉત્સર્જન ઘટાડવાનું કામ કરી રહ્યા છે.


આંતરરાષ્ટ્રીય મહેમાનોએ ભારતના ડિજિટલ માળખાં અને યુવા પ્રતિભાના વખાણ કર્યા હતા. સેમિનારમાં એ મુદ્દો પણ ચર્ચાયો કે કૃત્રિમ બુદ્ધિ રોજગારી છીનવવાનું સાધન નથી, પરંતુ તે લાખો નવી અને બૌદ્ધિક રોજગારીની તકો ઊભી કરશે.

આ માટે શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર કરીને વિદ્યાર્થીઓને આંકડાશાસ્ત્ર અને યાંત્રિક અધ્યયન જેવા વિષયોમાં નિપુણ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકાયો હતો. સરકારની 'સૌ માટે કૃત્રિમ બુદ્ધિ' અધ્યયન પહેલ અગિયાર ભારતીય ભાષાઓમાં કૃત્રિમ બુદ્ધિની મૂળભૂત સમજ આપે છે, જ્યારે 'કૌશલ રથ' નામની ફરતી કમ્પ્યુટર પ્રયોગશાળા ગ્રામિણ વિસ્તારોના વિદ્યાર્થીઓને કૃત્રિમ બુદ્ધિની વ્યવહારિક તાલીમ આપી રહી છે.

સાયબર સુરક્ષા અને આંકડા ગોપનીયતા જેવા ગંભીર વિષયો પર પણ ચર્ચા થઈ હતી, જેમાં કૃત્રિમ બુદ્ધિના જવાબદાર ઉપયોગ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સમાન નિયમો બનાવવાની હિમાયત કરવામાં આવી હતી. ભારતે વૈશ્વિક કૃત્રિમ બુદ્ધિ ભાગીદારીના નેજા હેઠળ અનેક મહત્વપૂર્ણ કરારો કર્યા હતા અને નવા પ્રારંભિક ઉદ્યોગોને મંચ પૂરું પાડ્યું હતું. આ સેમિનાર એ વાતનો પુરાવો છે કે ભારત હવે ટેકનોલોજીનો માત્ર વપરાશકર્તા નથી રહ્યો, પરંતુ વિશ્વને નવી દિશા ચીંધનાર માર્ગદર્શક બની રહ્યો છે. ભવિષ્યમાં કૃત્રિમ બુદ્ધિ અને માનવીય બુદ્ધિના સહયોગથી એક સુરક્ષિત અને સમૃદ્ધ વિશ્વનું નિર્માણ થશે તેવી આશા.

**ખાસ કરીને ખેડૂતો માટે હવામાનની સચોટ આગાહી અને પાકના રોગોનું વહેલું નિદાન કરવામાં કૃત્રિમ બુદ્ધિ આધારિત એપ્લિકેશનો આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. કિસાન ઈ-મિત્ર જેવી અવાજ આધારિત સંવાદી સેવા અગિયાર પ્રાદેશિક ભાષાઓમાં ખેડૂતોને સરકારી યોજનાઓ અંગે માહિતી આપે છે, જ્યારે રાષ્ટ્રીય જીવાત નિરીક્ષણ પ્રણાલી જીવાતોના ઉપદ્રવને શોધીને ખેડૂતોને સમયસર ચેતવણી આપે છે.**

## શબ્દ સંજોગ-૨૧૫૧



**આડી ચાવી :**
(૧) એક કહેવત (૭)
(૭) અવાજ,નાદ (૨)
(૮) ઘડો,કુંભ (૨)
(૯) જ્યાં હાથનો પંજો જોડાયેલો છે તે ભાગ (૨)
(૧૦) મુસાલમાનોમાં પવિત્ર ગણાતો પુરૂષ (૨)
(૧૧) ભોજન (૨)
(૧૨) માતાના પતિ (૨)
(૧૩) બાળવાનું લાકડું (૨)
(૧૪) બહાનાની રકમ (૨)
(૧૫) માર્ગમાં ત્યાં થઈને (૨)
(૧૬) ઝડપ,ગતિ (૨)
(૧૮) ગરમ વસ્તુ પકડવા વપરાય (૩)
(૨૧) ધારો,કાનુન (૩)
(૨૩) એક નરક (૩)
(૨૪) ગઈકાલ પહેલાનું (૩)
(૨૬) એક તિથિ (૩)
(૨૮) બહાર જતું કે મોકલાતું (૩)

**ઉભી ચાવી :**
(૧) ઊણપ,ખોટ (૨)
(૨) ખોલી,ઓરડી (૩)
(૩) દેવતા,સુર (૨)
(૪) એક અટક (૩)
(૫) તંબૂ,પડાવ (૨)
(૬) ખોઈ બાંધવાનું ઘોડિયાનું આડું લાકડુ (૩)
(૯) સુંદર સ્ત્રી,પત્ની (૨)
(૧૦) વરકન્યાને શરીરે ચોળવાનો પીળો પદાર્થ (૨)
(૧૧) ખટાશવાળું (૨)
(૧૨) તૃષ્ણા,તરસ (૩)
(૧૩) શરીર,દેહ (૨)
(૧૪) સમુદ્ર,દરિયો (૩)
(૧૫) .... ખોરાક ન ખાવો જોઈએ. (૨)
(૧૭) ભગવાન દતાત્રેયનું વાહન (૨)
(૧૯) શાળાનો વર્ગ (આ-અ) (૩)
(૨૦) એક ગુજરાતી માસ (૪)
(૨૨) ચીભડું (૩)
(૨૪) થોડી વાર રહીને (૨)
(૨૫) આનંદ,લહેર (૨)
(૨૬) હોદો,પગ (૨)
(૨૭) શું અંગ્રેજીમાં (૨)

## શબ્દ સંજોગ-૨૧૫૦ જવાબ

**આડી ચાવીઃ** (૧) મોઘલ (૪) અમદાવાદ (૯) હિરવણી (૧૧) મસવાડો (૧૨) ચીકટ (૧૪) જાક (૧૫) મલમ (૧૮) ખામી (૧૯) ફાટ (૨૦) નીપજ (૨૨) નન (૨૩) વમન (૨૫) ૨૫ (૫૨) (૨૬) કટ (૨૭)વનસ્પતિ (૨૯)નવાણ (૩૧)સરોવર (૩૨)લકી (૩૩)ફાજલ.
**ઉભી ચાવીઃ** (૧) મોહિની (૨) ઘર (૩) લવચીક (૫) મમ (૬) દાસ (૭) વાવાશ (૮) દડો (૧૦) ણીક (કણી) (૧૩) ટમટમ (૧૪) જામીન (૧૬) મની (૧૭) ગજપતિ (૧૮) ખાનદાન (૧૯) ફાવટ (૨૧) પરસ્પર (૨૪) નવરોજ (૨૬) કણકી (૨૮) નવલ (૩૦) વાલ (૩૧) સફા (૩૪) મે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૮૦ | ૧૫૮૬ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૬૩૮ |
| જુવાર સફેદ | ૯૭૫ | ૧૨૦૪ |
| મકાઇ | ૨૬૦ | ૩૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૮૫ |
| ચણા પીળા | ૯૨૫ | ૧૦૬૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૯૦ |
| અડદ | ૧૦૬૦ | ૧૬૪૬ |
| મગ | ૫૦૦ | ૧૭૯૦ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૨૬૦ |
| ચોળી | ૪૦૦ | ૮૦૦ |
| વટાણા | ૮૦૫ | ૧૩૪૦ |
| કળથી | ૩૩૩ | ૩૭૫ |
| રાજમા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૧૩૮૦ | ૧૫૭૫ |
| મગફળી જીણી | ૧૪૦૫ | ૧૫૮૦ |
| તલી | ૧૪૨૦ | ૨૦૨૨ |
| સુરજમુખી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૧૮૫ | ૧૨૬૦ |
| અજમો | ૧૩૦૦ | ૧૯૦૧ |
| સુવા | ૯૦૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૯૫૪ | ૧૦૧૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૭૫૫ |
| કાળા તલ | ૨૫૨૫ | ૪૫૭૬ |
| લસણ | ૯૫૦ | ૧૪૩૬ |
| ધાણા | ૧૪૦૦ | ૧૯૫૦ |
| મરચા સુકા | ૨૭૫૦ | ૪૪૦૦ |
| ધાણી | ૧૫૦૦ | ૨૨૦૦ |
| વરીયાળી | ૯૯૦ | ૧૫૪૦ |
| જીરૂ | ૩૪૨૦ | ૪૪૫૧ |
| રાય | ૧૦૪૦ | ૧૨૫૦ |
| મેથી | ૮૬૦ | ૧૪૫૦ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૧૯૦૦ |
| અશેરીયો | ૧૦૬૫ | ૧૦૬૫ |
| કલોંજી | ૪૧૪૧ | ૪૧૪૧ |
| રાયડો | ૯૮૦ | ૧૨૧૦ |
| ગુવારનું બી | ૯૪૦ | ૯૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૬૧૯ | ૧૨૨૭ |
| પપૈયા | ૮૭ | ૧૪૪ |
| બટેટા | ૧૦૧ | ૨૦૮ |
| ડુંગળી સુકી | ૬૫ | ૨૮૫ |
| ટમેટા | ૧૧૧ | ૨૨૯ |
| સુરણ | ૮૧૮ | ૧૦૨૧ |
| કોથમરી | ૧૧૬ | ૧૭૩ |
| સકરીયા | ૪૦૬ | ૬૨૪ |
| મુળા | ૩૧૩ | ૫૧૬ |
| રીંગણા | ૪૧૬ | ૬૧૩ |
| કોબીજ | ૬૬ | ૧૧૪ |
| ફ્લાવર | ૧૪૪ | ૩૪૮ |
| ભીંડો | ૮૧૬ | ૧૦૧૧ |
| ગુવાર | ૧૨૨૭ | ૧૮૧૭ |
| ચોળાસીંગ | ૭૯૬ | ૯૯૪ |
| વાલોળ | ૨૦૩ | ૩૧૩ |
| ટીંડોળા | ૫૧૬ | ૧૨૦૭ |
| દુધી | ૧૦૩ | ૨૦૪ |
| કારેલા | ૮૧૯ | ૧૦૧૭ |
| સરગવો | ૬૨૭ | ૧૨૧૧ |
| તુરીયા | ૬૩૩ | ૮૨૪ |
| પરવર | ૧૬૨૭ | ૧૮૩૨ |
| કાકડી | ૧૨૪ | ૩૨૯ |
| ગાજર | ૨૧૦ | ૩૩૬ |
| વટાણા | ૪૦૫ | ૬૧૧ |
| તુવેરસીંગ | ૪૧૭ | ૬૦૯ |
| ગલકા | ૨૮૬ | ૪૧૩ |
| બીટ | ૧૦૧ | ૨૧૩ |
| મેથી | ૧૧૯ | ૨૧૮ |
| વાલ | ૬૦૫ | ૮૧૪ |
| ડુંગળી લીલી | ૨૨૫ | ૩૩૬ |
| આદુ | ૧૦૧૯ | ૧૨૨૭ |
| ચણા લીલા | ૧૦૩ | ૨૫૩ |
| મરચા લીલા | ૪૨૮ | ૬૧૭ |
| હળદર લીલી | ૩૧૯ | ૫૩૬ |
| લસણ લીલું | ૫૨૪ | ૯૧૩ |
| મકાઇ લીલી | ૧૯૧ | ૩૧૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૧ |
| સિંગ ફાડીયા | ૧૦૭૧ | ૧૭૯૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૬ | ૧૨૮૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૭૬ |
| અડદ | ૧૫૫૧ | ૧૭૨૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૬૨૧ |
| રાયડો | ૧૦૨૧ | ૧૧૩૧ |
| રાય | ૧૧૦૧ | ૧૧૦૧ |
| મેથી | ૯૦૦ | ૧૦૦૧ |
| કાંગ | ૩૮૧ | ૬૦૧ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૮૬૧ |
| તલ - તલી | ૧૨૫૦ | ૨૧૩૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૨૮૬ |
| બાજરો | ૩૨૧ | ૩૩૧ |
| જુવાર | ૫૧૧ | ૫૧૧ |
| મગ | ૮૫૧ | ૧૯૪૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૧ |
| વાલ | ૭૫૧ | ૧૧૯૧ |
| ચોળા / ચોળી | ૩૯૬ | ૧૪૨૬ |
| સોયાબીન | ૯૨૧ | ૧૦૩૬ |
| ગોગળી | ૮૦૧ | ૧૨૧૧ |
| વટાણા | ૬૦૧ | ૧૨૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૨૪૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૬૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૮૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૯૦૦ |
| વટાણા | ૧૮૦ | ૭૪૦ |
| કેરી કાચી | ૨૦૦૦ | ૩૪૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૧ | ૫ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફ્રોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૩૦૦ |
| ગ્રૂણ | ૭૮૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૫ |
| બીટ પુરા | ૫ | ૧૨ |
| સરગવો પુરા | ૧૫ | ૩૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૪૦૦ |
| વાલોર | ૧૮૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૩૪૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૩ | ૬ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૧૫ | ૧૪૭૦ |
| શિંગ ૬૬ ન | ૧૦૦૦ | ૧૦૦૦ |
| શિંગ ગીરનાર | ૧૨૬૦ | ૧૫૦૦ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૬૫ |
| શિંગદાણા | ૧૧૦૦ | ૧૯૫૫ |
| શિંગદાણા ફાડા | ૧૪૧૫ | ૧૭૭૫ |
| તલ સફેદ | ૧૦૧૦ | ૨૧૭૫ |
| તલ કાળા | ૨૭૨૫ | ૩૭૩૦ |
| જુવાર | ૪૫૦ | ૧૧૨૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૬૦ |
| મગ | ૪૦૦ | ૮૪૦ |
| અડદ | ૯૦૦ | ૧૨૭૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૬૦ |
| સફેદ ચણા | ૯૯૫ | ૯૯૫ |
| તુવેર | ૭૦૦ | ૧૫૩૦ |
| કપાસ | ૯૩૦ | ૧૬૩૦ |
| એરંડા | ૧૧૫૫ | ૧૨૫૫ |
| જીરૂ | ૨૩૯૦ | ૪૦૧૦ |
| રાયડો | ૯૦૦ | ૧૦૭૦ |
| રાય | ૧૦૪૫ | ૧૦૪૫ |
| ધાણા | ૧૩૬૫ | ૧૮૮૦ |
| ધાણી | ૧૪૨૦ | ૨૩૪૦ |
| અજમા | ૮૦૦ | ૧૨૦૦ |
| મેથી | ૮૦૦ | ૯૨૫ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૦૦ |
| મરચા લાંબા | ૧૬૪૦ | ૭૧૪૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૨૦ |
| રીંગણા | ૪૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૧૦ | ૨૦૦ |
| શકકરીયા | ૩૨૦ | ૪૩૦ |
| ટમેટાં | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| દુધી | ૧૫૦ | ૩૦૦ |
| કારેલા | ૮૩૦ | ૯૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| મૂળા | ૨૪૦ | ૩૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૫૦૦ | ૫૫૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૩૦ |
| આમળા | ૯૦૦ | ૯૮૦ |
| ચણા લીલાં | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| વાલ | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૮૦ |
| તુવેર | ૪૩૦ | ૫૪૦ |
| સરગવો | ૭૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૩૩૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકું | ૮૫૦ | ૨૩૦૦ |
| પાલક | ૩૧૦ | ૪૨૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૩૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૦૦ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૮૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૧૨ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૮૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૪૧૦૫ |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૫૦ |
| બાજરો | ૩૩૦ | ૫૫૦ |
| જુવાર | ૫૦૦ | ૧૧૩૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૪૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૨ |
| તુવેર | ૧૩૩૦ | ૧૫૯૧ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૧૦૧ |
| સોયાબીન | ૮૫૦ | ૯૯૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૫૫ | ૧૪૫૧ |
| મગફળી | ૧૦૯૫ | ૧૨૬૦ |
| ઘઉં | ૪૪૦ | ૪૬૨ |
| ચણા | ૯૩૦ | ૧૦૨૫ |
| તુવેર | ૯૦૦ | ૧૫૦૧ |
| ધાણા | ૧૪૦૦ | ૧૪૪૫ |
| શીંગ દાણા | ૧૪૩૦ | ૧૪૩૦ |
| વાલ | ૬૦૦ | ૬૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૦ |
| ઘઉ ટુકડા | ૪૫૩ | ૫૪૦ |
| ચણા | ૮૨૫ | ૧૦૪૩ |
| ધાણા | ૧૬૪૫ | ૧૮૩૦ |
| સોયાબીન | ૮૧૦ | ૧૦૧૨ |
| મગફળી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૨૭ |
| શીંગ દાણા | ૧૧૩૦ | ૧૪૬૦ |
| મગ | ૧૩૮૦ | ૧૩૮૦ |
| મકાઇ | ૪૮૦ | ૪૮૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૧૦ | ૧૬૨૦ |
| કપાસ મીડીયમ | ૧૨૪૦ | ૧૩૬૦ |
| મગફળી | ૧૩૫૦ | ૧૪૮૦ |
| જીરૂ | ૩૯૪૦ | ૪૨૨૯ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૫૧ |
| ઘઉં | ૪૮૧ | ૫૩૫ |
| તુવેર | ૧૧૨૫ | ૧૪૦૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૧૬૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૪૭૨ |
| તુવેર | ૬૦૫ | ૧૩૯૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૫૦૧ |
| મગફળી ૩૨ નં. | ૧૧૦૦ | ૧૪૪૦ |
| બાજરો હાઈબ્રીડ | ૩૨૧ | ૫૯૭ |
| ઘઉં | ૪૦૦ | ૫૪૬ |
| રાય | ૧૦૦૦ | ૧૧૫૬ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૩૨ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૪૪ |
| જુવાર | ૭૭૦ | ૧૧૬૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૨૦ |
| મગ | ૧૦૨૦ | ૧૫૫૦ |
| ચણા | ૮૭૦ | ૧૦૪૮ |
| સોયાબીન | ૯૪૦ | ૧૦૫૧ |
| ધાણા | ૧૨૫૦ | ૧૭૪૫ |
| કાંગ | ૪૫૦ | ૫૭૪ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૭૬ | ૧૫૮૧ |
| મગફળી | ૧૦૬૨ | ૧૨૦૧ |
| ચણા | ૧૦૨૮ | ૧૦૨૮ |
| તુવેર | ૧૨૦૧ | ૧૪૭૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૫૫૧ |
| બાજરો | ૫૦૦ | ૫૦૦ |
| એરંડા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૨૫૦ | ૧૩૮૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૮૦૧ | ૨૮૦૧ |
| તલ પીળા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૧૫ |
| બાજરો | ૩૨૧ | ૬૬૦ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૪૬ |
| જુવાર | ૫૦૦ | ૧૧૪૧ |
| મકાઈ | ૫૨૫ | ૫૨૫ |
| મગ | ૯૭૫ | ૧૧૫૦ |
| મઠ | ૧૬૫૦ | ૧૬૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૬૫૦ |
| તુવેર | ૧૦૧૫ | ૧૪૨૨ |
| ચણા | ૯૭૫ | ૧૦૫૩ |
| રાય | ૧૧૪૦ | ૧૧૪૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૧૬ |
| ચણા | ૭૫૧ | ૧૦૩૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૭૧ |
| મગફળી | ૮૦૧ | ૧૪૧૧ |
| શીંગ ફાડા | ૧૩૦૧ | ૧૫૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૧૬ |
| જીરૂ | ૪૦૪૧ | ૪૦૪૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# નાણામંત્રી કનુભાઈ દેસાઈએ રાજ્યનું ૪,૦૮,૦૫૩ કરોડનું વિક્રમી બજેટ જાહેર કર્યુ

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભા સત્રના ત્રીજા દિવસે ૧૮ ફેબ્રુઆરીએ નાણામંત્રી કનુ દેસાઈએ વર્ષ ૨૦૨૬-૨૦૨૭નું બજેટ રજૂ કર્યું. નાણામંત્રીએ સતત પાંચમી વખત બજેટ રજૂ કરીને એક નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. ગુજરાતનું ૪,૦૮,૦૫૩ કરોડનું વિક્રમી બજેટ જાહેર કરવામાં આવ્યું છે.આ બજેટમાં હરવા, ફરવા, રમવા, મોજ કરવા અને ધાર્મિક સ્થાનોના વિકાસ પાછળ ખાસ ફોક્સ કરાયું છે. વર્ષ ૨૦૨૬ને ગુજરાત પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરાયું છે. ત્યારે રમતગમત મંત્રાલય માટે ૨,૦૦૬ કરોડ અને પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે રૂ.૩,૦૯૦ કરોડ એમ કુલ ૫,૦૯૬ કરોડની ફાળવણી કરાઈ છે.રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો, મધ્યમ વર્ગ અને ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને તાજેતરમાં મહત્વના નીતિગત નિર્ણયો લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો હવે સ્વમેળે 'જૂની શરત'ની ગણાશે. આનાથી ખેડૂતોને પ્રીમિયમ ભરવામાંથી મુક્તિ મળશે.કાયદો અને વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા તેમજ માર્ગ સલામતીના પગલા વધારવા રાજ્યની કટોકટી સેવાઓને ડાયલ-૧૧૨ જનરક્ષક પ્રોજેકટ હેઠળ આવરી લીધેલ છે. જેથી ઈમરજન્સી રિસ્પોન્સ સમયમાં વધુ ઘટાડો થશે. જેના અસરકારક અમલીકરણ માટે વિવિધ સંવર્ગનું ત્રણ હજાર ભરતી કરવાનું આયોજન છે.જાહેર પરીવહનમાં નાગરિકોની સલામતી



અને સગવડતાને ધ્યાને લઈ આધુનિક ટેકનોલોજી ધરાવતી ૨૪૬૩ જેટલી નવી બસો, જેમાં ૫૦૦ AC ઈલેક્ટ્રીક બસો મૂકવાનું આયોજન છે. તેમજ આદિજાતિ વિસ્તારમાં વસતાં ભાઈ-બહેનો, વિદ્યાર્થીઓ તથા ઔદ્યોગિક વિસ્તારોમાં કામ અર્થે આવતા શ્રમિકો માટે ૫૦૦ મીની બસ મૂકવામાં આવશે. જેના માટે કુલ રૂ.૧૨૮૬ કરોડની જોગવાઇ કરું છું. કચ્છ અને અન્ય વન વિસ્તારમાં ગાંડા બાવળને દૂર કરી તેના સ્થાને બામ્બૂ(વાંસ) સહિત અન્ય સ્થાનિક વૃક્ષોનું વાવેતર કરવા તેમજ કચ્છના બન્ની ઘાંસીયા મેદાનમાં ગ્રાસલેન્ડ રીસ્ટોરેશન માટે રૂ.૯૭ કરોડની જોગવાઇ સૂચવું છું.

અરવલ્લી પર્વતમાળાની આસપાસ ગ્રીન બેલ્ટ બનાવવાના હેતુથી તેમજ રાજ્યની પ્રમુખ નદીઓના બંને કાંઠે વૃક્ષોના સઘન વાવેતર થકી ધોવાણ અટકાવવા માટે રૂ.૩૨ કરોડની જોગવાઇ સૂચવું છું.ગુજરાત પાસે સફેદ રણના સૌંદર્યથી દરિયાના ઘૂઘવતાં મોજા સુધી, સૂર્યમંદિરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી, ગીરની ગર્જનાથી સોમનાથ સુધી પ્રકૃતિનું વૈવિધ્ય અને સંસ્કૃતિનો અદ્વિતીય સંગમ છે. ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ફલક પર પ્રસ્થાપિત કરવા વર્ષ ૨૦૨૬ને 'ગુજરાત પ્રવાસન વર્ષ' તરીકે ઉજવવાની જાહેરાત કરું છું. દેશની એકતા અને અખંડિતતાના પ્રતિક સમા ગુજરાતના સપૂત એવા સરદાર વલ્લભભાઇ પટેલની જયંતીના ઉપલક્ષ્યમાં 'સરદાર@૧૫૦: યુનિટી માર્ચ' યોજાઈ. જે દેશના યુવાનોમાં દેશભક્તિ, એકતા અને જવાબદારીની ભાવનાને મજબૂત બનાવશે. વિશ્વના આઈકોનિક પ્રવાસન સ્થળ તરીકે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ઉભરી આવ્યું છે. જેના કારણે પરિવહન, હોસ્પિટાલિટી અને હસ્તકળા જેવા ક્ષેત્રોમાં રોકાણને મોટો વેગ મળ્યો છે. જેણે સ્થાનિક આદિવાસી સમુદાય માટે વિશાળ રોજગારીની તકોનું સર્જન કર્યું છે.

## સુરતની બોમ્બે માર્કેટમાં આગ લાગતા લાખો રૂપિયાનુ નુકસાન

સુરત,તા.૧૮

સુરત શહેરના ઉમરવાડા વિસ્તારમાં આવેલી કાપડ બજારની શાન ગણાતી બોમ્બે માર્કેટમાં મોડી રાત્રે આગની ઘટના બનતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. માર્કેટની મીટર પેટીમાં અગમ્ય કારણોસર લાગેલી આગ જોતજોતામાં વિકરાળ બની નજીકની દુકાન સુધી પ્રસરી ગઈ હતી.

આ દુર્ઘટનામાં અંદાજે ૧૦ લાખ રૂપિયાની માલમત્તા બળીને ખાખ થઈ ગઈ છે. ગઈકાલે મોડી રાત્રે બોમ્બે માર્કેટની બે વિંગના કોમન મીટર બોક્સમાં અચાનક આગ ફાટી નીકળી હતી. મીટર પેટીમાં શોર્ટ સર્કિટ અથવા અન્ય કોઈ કારણોસર લાગેલી આ આગે બાજુમાં જ આવેલી 'પનાગણેચિયા ટેક્સટાઈલ' નામની દુકાનને પોતાની ઝપેટમાં લીધી હતી. આ દુકાનમાં શૂટ, શેરવાની અને કુર્તાનું મોટા પાયે કામકાજ થતું હોવાથી કાપડના જથ્થાને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી.

## અમરેલીમાં રાજયનું સૌથી ઓછુ તાપમાન સાથે ચાર જિલ્લામાં માવઠાની આગાહી

અમદાવાદ,તા.૧૮


રાજ્યમાં ફરી એકવાર કમોસમી માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓ માટે સામાન્યથી મધ્યમ માવઠાની આગાહી કરી છે. સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લામાં માવઠાની શક્યતા દર્શાવવામાં આવી છે.



હવામાન વિભાગ મુજબ હાલમાં ત્રણ સિસ્ટમ સક્રિય બનતા વાતાવરણમાં ફેરફાર નોંધાઈ રહ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટરબન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ સક્રિય હોવાથી રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે. ઉત્તર પશ્ચિમના પવનોની ગતિ પણ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન અમરેલી અને પોરબંદર ખાતે ૧૫ ડિગ્રી નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં ૧૯.૨ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૮.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. વડોદરામાં ૧૯.૪, ભાવનગરમાં ૧૯, ભુજમાં ૧૭.૨, દમણમાં ૧૯, ડીસામાં ૧૭.૩, દીવમાં ૧૫.૮, દ્વારકામાં ૧૯, ગાંધીનગરમાં ૧૮.૫, કંડલામાં ૧૮, નલિયામાં ૧૫.૫, ઓખામાં ૧૯.૮, પોરબંદરમાં ૧૫, રાજકોટમાં ૧૫.૨, સુરતમાં ૧૯.૨ અને વેરાવળમાં ૧૮.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

## બ્રાઈટ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ધો.૫ના વિદ્યાર્થીએ આપી હોવાનો ઘટસ્ફોટ

રાજકોટ,તા.૧૮





રાજ્યમાં બોમ્બથી ઉડાવી દેવાની ગજબની પેટર્ન જોવા મળી રહી છે. પહેલાં સ્કૂલોને મેલ કરવામાં આવે છે અને પછી કોર્ટને ઉડાવી દેવાના મેલ મળી રહ્યા છે. આજે(૧૭ ફેબ્રુઆરી) અમદાવાદ, રાજકોટ, વડોદરા, ગાંધીનગર, મહેસાણા અને વલસાડની કોર્ટને ધમકીભર્યા મેલ મળ્યા છે. તો ગઇકાલે વડોદરાના અમિતનગર સર્કલ પાસે આવેલી બ્રાઈટ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી પાછળ ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. જેમાં આ ધમકી અન્ય કોઈએ નહીં પણ સ્કૂલના જ ધોરણ ૫માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ આપી હોવાનું બહાર આવ્યું છે.

## ગરીબોના નામે પેઢી બનાવી રૂ. ૧૮૨ કરોડની છેતરપિંડીનો કચ્છમાં પર્દાફાશ

ભૂજ, તા. ૧૮

પૂર્વ કચ્છ-ગાંધીધામ સાયબર ક્રાઈમ પોલીસે રૂ. ૧૮૨,૩૭,૬૮,૮૬૨ ની છેતરપિંડીનો ભેદ ઉકેલી દેશવ્યાપી સાયબર કૌભાંડ બહાર લાવ્યું છે. આરોપીઓએ ગરીબ અને ઓછી શિક્ષિત લોકોને લાલચ આપી તેમના નામે ખોટી પેઢીઓ ઉભી કરી અને બેંક ખાતાઓ ખોલાવી સાયબર ઠગાઈથી મેળવેલા નાણાંની ગેરકાયદેસર હેરફેર માટે સુવ્યવસ્થિત નેટવર્ક ઉભું કર્યું હતું. તપાસ મુજબ ગાંધીધામ અને આદિપુરમાં દુકાનો ભાડે લઈ નિર્દોષ લોકોને પ્રોપ્રાઈટર તરીકે દર્શાવી ટેક્સ કન્સલ્ટન્ટ મારફતે ઉદ્યોગ આધાર (ઉદ્યમ) રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું.



ખોટા ઈન્વોઈસના આધારે વિવિધ બેંકોમાં કરંટ અને સેવિંગ ખાતાઓ ખોલાવવામાં આવ્યા. એકાઉન્ટ કિટ, ચેકબુક અને મોબાઈલ સિમકાર્ડ આરોપીઓ પોતાના કબ્જામાં રાખતા અને ખાતાધારકોને જાણ કર્યા વગર લેવડદેવડ ચલાવતા. કુલ ૮૧ બેંક ખાતાઓમાં રૂ. ૧૮૨ કરોડથી વધુ રકમ જમા થઈ હતી. 'સમન્વય પોર્ટલ' પર તપાસ કરતાં દેશભરમાં ૭૪ સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી મળી. પોલીસે ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય આરોપીઓની શોધખોળ ચાલુ છે.

## સૌરાષ્ટ્રમાં ગેરકાયદેસર ખેતી જમીન વેચાણ સામે કડક કાયદો

અમદાવાદ, તા. ૧૮

ગુજરાત વિધાનસભાએ સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખેતીની જમીનોના ગેરકાયદેસર વેચાણ અને તબદીલી રોકવા મહત્વપૂર્ણ સુધારાવિધેયક પસાર કર્યું છે. આ સુધારો સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહિવટ પતાવટ અને ખેતીની જમીન અધિનિયમ-૧૯૪૯માં કરવામાં આવ્યો છે. સુધારા મુજબ બિનખેડૂત વ્યક્તિ કે સંસ્થાને વેચાયેલી જમીન ત્રણ



મહિનામાં મૂળ ખેડૂતને પરત કરવી પડશે, નહીં તો સરકાર તેને કબજે કરશે. કાયદાનો અમલ ૫ ડિસેમ્બર, ૨૦૧૫થી પાછલી અસરથી લાગુ રહેશે. કલમ ૭૫ અને ૭૫Aમાં સુધારા કરીને જિલ્લા કલેક્ટરને સ્વમેળે અથવા અરજીએ આધારે તપાસનો અધિકાર અપાયો છે. ગેરકાયદેસર તબદીલી સાબિત થાય તો જમીન પરત કરવાનો આદેશ આપવામાં આવશે. પાલન ન થાય તો જમીન સરકારમાં નિહિત થશે. ગેરકાયદેસર ભોગવટા બદલ જંત્રી કિંમતની ત્રણ ગણી દંડ વસૂલાશે.

મહેસૂલ મંત્રી સંજયસિંહ મહિડાએ જણાવ્યું કે સુધારો કાયદામાં એકરૂપતા લાવવા માટે છે, જ્યારે કોંગ્રેસે ઉદ્યોગોને લાભ આપવાનો આક્ષેપ કર્યો હતો.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૩/૨૦૨૬ તા.૧૨/૦૨/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. સકીનાબેન દાદનભાઈ સૈયદ
રહે. વંડા, તા. સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી, બગોયા, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્રી ખેરૂનબેન દાદનભાઈ સૈયદનો જન્મ તા.૧૨/૦૨/૧૯૮૩ ના રોજ મુ.વંડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.


વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**


## ધોરાજીમાં સગીરા પર દુષ્કર્મ આચરનાર આરોપી ગણતરીના કલાકોમાં ઝડપાયો

ધોરાજી,તા.૧૮

ધોરાજીમાં બળાત્કાર તથા પોક્સો એક્ટના ગંભીર ગુનાના આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં પકડી લીધો હતો. આરોપી હનીફ નીયાજુભાઈ ફકીર (રહે, ધોરાજી, શહેજાદાપીરની દરગાહ પાસે)એ બાર વર્ષથી નાની ઉમરની (સગીર વયની) દીકરીને ડરાવી ધમકાવી તેની સાથે મરજી વિરૂધ્ધ બળજબરીથી



અવાર નવાર શરીર સંબંધ બાંધ્યા હતા. આ ઉપરાંત જો તું કોઈને વાત કરીશ તો તને મારી નાખીશ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો આચરેલ હતો. આ અંગેની ફરીયાદ સગીરાના વાલીએ પોલીસ મથકે કરતા પો.ઈન્સ. કે. એસ. ગરચરના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સના પો. સબ. ઈન્સ આર.બી.બલદાણીયા અને સ્ટાફ સાથે આરોપીની તપાસમાં હતા તે દરમ્યાન ટેક્નીકલ તથા હ્યુમન સોર્સની મદદથી આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી લીધો હતો.

## રાજયમાં વીજળીના કડાકા સાથે કમોસમી વરસાદ પડ્યો

અમદાવાદ, તા. ૧૮

ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ભરશિયાળે કમોસમી વરસાદ વરસ્યો છે. પંચમહાલના ગોધરામાં વહેલી સવારે વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. છેલ્લા બે દિવસથી વાદળછાયું માહોલ જોવા મળી રહ્યો હતો. દાહોદ તેમજ આસપાસના છાપરી, રળિયાતી, જાલત, રાબડાલ અને સિંગવડ-લીમખેડા વિસ્તારમાં વીજળીના કડાકા સાથે વરસાદ નોંધાયો છે. કમોસમી વરસાદને કારણે ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે. અંબાજીમાં પણ વહેલી સવારથી આકાશ વાદળછાયું રહ્યું છે અને માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.


**CHANGE OF NAME**

I Undersigh MANGROLIYA KAUSHIK KANTIBHAI have changed my name from MANGROLIYA KAUSHIK KANTILAL To MANGROLIYA KAUSHIK KANTIBHAI (New) Now i will be known as MANGROLIYA KAUSHIK KANTIBHAI (new)
Sigh : MANGROLIYA KAUSHIK KANTIBHAI
Address: STREET NO-4, JESHINGPARA, AT-AMRELI, TAL-&-DIST-AMRELI-365601 GUJARAT INDIA

**CHANGE OF NAME**

I Undersigh MANGROLIYA KANTIBHAI VALLABHBHAI have changed my name from MANGROLIYA KANTILAL VALLABHBHAI To MANGROLIYA KANTIBHAI VALLABHBHAI (New) Now i will be known as MANGROLIYA KANTIBHAI VALLABHBHAI (new)
Sigh : MANGROLIYA KANTIBHAI VALLABHBHAI
Address: JESINGPARA, STREET NO-4, AT-AMRELI, TAL-&-DIST-AMRELI-365601 GUJARAT INDIA

**CHANGE OF NAME**

I Undersigh MANGROLIYA RASILABEN KANTIBHAI have changed my name from MANGROLIYA RASHILA KANTILAL To MANGROLIYA RASILABEN KANTIBHAI (New) Now i will be known as MANGROLIYA RASILABEN KANTIBHAI (new)
Sigh : MANGROLIYA RASILABEN KANTIBHAI
Address: JESINGPARA, STREET NO-4, AT-AMRELI, TAL-&-DIST-AMRELI-365601 GUJARAT INDIA



**જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલશ્રી (૧) વિવેક શશીકાંતભાઈ રાજાએ અમો પાસે ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામમાં સુધરાઈ હદમાં વરસડા રોડ રસ્તે આવેલ રે.સ.નં.૧૧૩/૧ પૈકીની બીનખેડવાણ જમીન માહે આવેલ "જય રામેશ્વરનગર"ના પ્લોટ નં.૫ વાળી મિલકત ખરીદ કરેલ છે. તેના ચો.મી-૧૨૧.૬૫ છે. સદરહુ મિલ્કત વાળી પ્લોટની જમીન બાબુભાઈ ઠાકરશીભાઈ કાબરીયાની વહેંચણી આધારે તેમના હિસ્સે આવેલી હતી અને તેઓ વધોવૃધ્ધ થતા તેઓની કૌટુંબિક વહેચણીના આધારે નં. (૧) અરવિંદભાઈ બાબુભાઈ કાબરીયા નં. (૨) નરેન્દ્રભાઈ બાબુભાઈ કાબરીયા (૩) કિશોરભાઈ બાબુભાઈ કાબરીયા (૪) વસંતભાઈ બાબુભાઈ કાબરીયાના સંયુક્ત માલીકી હક્કે આવેલ ત્યારબાદ તેઓ ન.૧ તથા નં.૨ થી ૪ ના કુલમુખત્યાર પાસેથી કનુભાઈ ભુરાભાઈ જોધાણીએ તા.૧૫/૦૭/૧૯૯૮ના રોજ રજી.વે.દ.નં.૧૬૭૫ થી વેચાણ રાખેલ છે. ત્યારબાદ તે દસ્તાવેજના પ્લોટ તેમજ ક્ષેત્રફળ બાબતે લખાણ ભુલ થતા તેનો ભુલ સુધારણા લેખ નં.૨૪૨૩ તા.૧૯/૧૦/૨૦૦૬ ના રોજ કરી આપેલ છે ત્યારબાદ તેમની પાસેથી સદરહુ પ્લોટ નં.૫ હરેશભાઈ ગોરધનભાઈ કાથરોટ-ીયાએ રજી.વે.દ.નં.૨૪૨૬ થી તા.૧૯/૧૦/૨૦૦૬ ના રોજ વેચાણ રાખેલ ત્યારબાદ તેઓ પાસેથી સદરહું પ્લોટ નં.૫ વાળી પ્લોટ મિલ્કત અમારા ઉપરોકત અસીલશ્રી એ.રજી.વે.દ.નં.૧૨૦૪થી તા.૧૫/૦૩/૨૦૨૪ના રોજ વેચાણ રાખેલ છે, તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ પ્લોટ મિલ્કતની અગાઉના વેચાણ વ્યવહાર ઉપરોક્ત કુલમુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોક્ત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યક્તિનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે ઉપરોક્ત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યક્તિનો લાગ ભાગ, હક્ક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુલમુખત્યાર દવારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણ માં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વઈવ) કરેલા છે. તેમ માની અને તેઓને અમારા તરફ થી ટાઈટલ કલીયર રીપોટ/એન.ઓ.સી.ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૧૮/૦૨/૨૦૨૬.
અમરેલી.
૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,
ભીડ ભંજન મહાદેવ મંદિર સામે,
લીલીયા રોડ, અમરેલી.

**સહી**
**દિપક વી. નાગ્રેચા**
**એડવોકેટ અમરેલી.**


## રાજકોટમાં એશિયાનો સૌથી મોટો ઈન્ડિયન કેટલ શો યોજાશે

રાજકોટ,તા.૧૮

બ્રાઝિલમાં છેલ્લા ૯૯ વર્ષથી યોજાતી ગૌ વંશ સંવર્ધન પ્રદર્શની અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગૌ-આધારિત અર્થતંત્રની હાંકલથી પ્રેરાઈને, રાજકોટના રેસકોર્સ મેદાનમાં ૨૦ થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન ભારતનો પ્રથમ અને એશિયાનો સૌથી મોટો 'ઈન્ડિયન કેટલ શો' યોજાવા જઈ રહ્યો છે. આ આયોજન આંતરરાષ્ટ્રીય ફેડરેશન IFIZCI દ્વારા કરવામાં આવ્યું છે, જે ભારતની ખૂંધવાળા દેશી ગૌવંશનું પ્રતિનિધિત્વ કરે છે.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૨/૨૦૨૬ તા.૧૨/૦૨/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. સકીનાબેન દાદનભાઈ સૈયદ
રહે.હનુમાન પરા જુના ગામ, વંડા, સાવરકુંડલા
તા. સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી, વંડા, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર યાસીનભાઈ દાદનભાઈ સૈયદનો જન્મ તા.૦૯/૦૫/૧૯૮૯ ના રોજ મુ.વંડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.


આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી ઉત્તર અને મધ્ય ભારતમાં હવામાન બદલવાની આગાહી

**૯ રાજ્યોમાં વરસાદ, વાવાઝોડું અને કરા પડવાની ચેતવણી**




ન્યુ દિલ્હી,તા.૧૮

ઉત્તર અને મધ્ય ભારતમાં આગામી ૩૬ કલાક દરમિયાન વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળશે. મધ્યપ્રદેશમાં બે સાયક્લોનિક સર્ક્યુલેશન અને એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હવામાનમાં નોંધપાત્ર ફેરફાર આવ્યો છે. રાજ્યના ૨૨ જિલ્લાઓમાં વાવાઝોડા અને વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજસ્થાન, હરિયાણા અને પંજાબ સહિત કુલ ૯ રાજ્યોમાં કરા પડવાની શક્યતા છે. ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં હળવા વરસાદની સંભાવના છે.

હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષાની ચેતવણી જાહેર કરવામાં આવી છે.

# અમેરિકન ટેરિફની ભારત પર અસર નહીં થાય: મોહન ભાગવત

**RSS ભાજપનું રિમોટ કંટ્રોલ નથી : સંઘ વડા**



નવી દિલ્હી, તા.૧૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના સરસંઘચાલક મોહન ભાગવતે લખનઉમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે સંઘ ભાજપનું રિમોટ કંટ્રોલ નથી. તેમણે ઉમેર્યું કે સંઘના સ્વયંસેવકો ભાજપમાં સક્રિય રહી આગળ વધ્યા છે, પરંતુ સંઘ ભાજપને ચલાવે છે તે કહેવું તદ્દન ખોટું છે. તેમના મતે, જેઓ ભાજપનો વિરોધ કરે છે તેઓ જ સંઘને નિશાન બનાવે છે. અમેરિકન ટેરિફ મુદ્દે વલણ સ્પષ્ટ કરતા તેમણે કહ્યું કે, શક્તિશાળી દેશો આર્થિક દબાણ દ્વારા ઝુકાવવાની જૂની રીત અજમાવી રહ્યા છે, પરંતુ ભારત હવે મજબૂત છે અને કોઈની સામે ઝુકશે નહીં. મંદિરોના સરકારી નિયંત્રણ અંગે તેમણે શીખ સમાજની ગુરુદ્વારા વ્યવસ્થાનું ઉદાહરણ આપી જણાવ્યું કે, ધર્માચાર્યો અને સમાજે મળીને મંદિરોની સંચાલન જવાબદારી ઉપાડવી જોઈએ. નોંધનીય છે કે લખનઉ યુનિવર્સિટીમાં તેમના આગમન સમયે NSUI અને ભીમ આર્મી જેવા સંગઠનોએ વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું.

# સંમતિથી બાંધેલા શારીરિક સંબંધો બળાત્કાર નથી : કોલકાતા હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

કોલકાતા, તા.૧૮

એક મહત્વપૂર્ણ સુનાવણી દરમિયાન કોલકાતા હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, જો બે પુખ્ત વ્યક્તિઓ સંમતિથી શારીરિક સંબંધ બાંધે અને બાદમાં લગ્ન ન થઈ શકે, તો તેને બળાત્કાર ગણી શકાય નહીં. જસ્ટિસ ચૈતાલી ચેટર્જીની બેન્ચે આરોપી પુરુષ સામેનો કેસ ફગાવતા જણાવ્યું કે, બળાત્કારનો ગુનો સાબિત કરવા માટે શરૂઆતથી જ છેતરપિંડીનો ઈરાદો હોવો જરૂરી છે. આ કેસમાં મહિલા અને પુરુષ ૨૦૧૭થી ૨૦૨૨ સુધી લિવ-ઈન રિલેશનશિપમાં હતા અને પતિ-પત્નીની જેમ હોટલોમાં રોકાયા હતા. કોર્ટે અવલોકન કર્યું કે પાંચ વર્ષ સુધી સંબંધ ચાલુ રાખવો અને પરસ્પર સંમતિથી ગર્ભપાત કરાવવો એ દર્શાવે છે કે મહિલા કોઈ ગેરસમજમાં નહોતી. માત્ર લગ્નનું વચન તૂટવાથી લાંબા ગાળાના સ્વૈચ્છિક સંબંધો ગુનો બનતા નથી.

# ભટિંડામાં ખેડૂત આંદોલન તેજ : ડેપ્યુટી કમિશનરની ઓફિસ તરફ કૂચ, પોલીસ દ્વારા ટીયર ગેસના શેલ છોડાયા

ચંડીગઢ, તા.૧૮

પંજાબના ભટિંડામાં આજે ખેડૂતો અને પોલીસ વચ્ચે ઉગ્ર ઘર્ષણ થતાં પરિસ્થિતિ તણાવપૂર્ણ બની છે. ભારતીય કિસાન યુનિયન (એકતા ઉગ્રહણ) દ્વારા જેલમાં બંધ ખેડૂત નેતાઓની મુક્તિની માંગ સાથે ડેપ્યુટી કમિશનરની ઓફિસનો ઘેરાવ કરવાનું એલાન આપવામાં આવ્યું હતું. ખેડૂતોને રોકવા માટે પોલીસે જીયુન્ડ ગામ અને રામપુરા પાસે કડક



નાકાબંધી કરી હતી, જે દરમિયાન ખેડૂતોએ બેરિકેડ્સ તોડવાનો પ્રયાસ કરતા પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા હતા. આ વિરોધ પ્રદર્શનને રોકવા માટે વહીવટીતંત્રે ૧,૦૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો તૈનાત કર્યો છે. ખેડૂત નેતા શિંગરા સિંહ માનના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૧ મહિનાથી જેલમાં બંધ સાથીઓની મુક્તિ માટે અનેક રજૂઆતો છતાં પરિણામ ન આવતા આ આંદોલન છેડાયું છે. બીજી તરફ, પોલીસે વહેલી સવારથી જ ખેડૂત નેતાઓના નિવાસસ્થાને દરોડા પાડવાનું શરૂ કર્યું હતું. બીકેયુના જિલ્લા પ્રમુખ ચરણસિંહ નૂરપુરા પોલીસને ચકમો આપી ભટિંડા પહોંચવામાં સફળ રહ્યા હતા.

# ભારતના 'એઆઈ ઈમ્પેક્ટ એક્સ્પો ૨૦૨૬' માં કેનેડા જોડાશે : ટેકનોલોજી ક્ષેત્રે નવા સંબંધોની શરૂઆત

નવી દિલ્હી, તા.૧૮

ભારત અને કેનેડા વચ્ચેના રાજદ્વારી તણાવ બાદ હવે ટેકનોલોજીના માધ્યમથી સંબંધો સુધરવાના સંકેત મળી રહ્યા છે. નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ૧૮ થી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાનારા 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ એક્સ્પો ૨૦૨૬' માં કેનેડા સત્તાવાર રીતે ભાગ લેશે. કેનેડાના ડિજિટલ ઈનોવેશન મંત્રી ઈવાન સોલોમન સિનિયર પ્રતિનિધિમંડળ સાથે આ સમિટમાં હાજરી આપશે. કેનેડિયન હાઈ કમિશનના જણાવ્યા અનુસાર, આ મુલાકાતનો મુખ્ય હેતુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને નવી ટેકનોલોજીમાં વ્યવહારુ ભાગીદારી વધારવાનો છે. આ એક્સ્પો દ્વારા કેનેડિયન કંપનીઓ માટે ભારતમાં રોકાણની તકો ઊભી થશે અને બંને દેશો વચ્ચે આર્થિક સહયોગ મજબૂત બનશે. અગાઉના સમયમાં બંને દેશો વચ્ચેના સંબંધોમાં આવેલી કડવાશ બાદ આ વૈશ્વિક ટેકનોલોજી મંચ એક મહત્વપૂર્ણ કડી સાબિત થઈ શકે છે.

# ભારત-ફ્રાન્સની ઐતિહાસિક ભાગીદારી : એવરેસ્ટ સર કરવા સક્ષમ હેલિકોપ્ટર હવે ભારતમાં બનશે

નવી દિલ્હી, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને કર્ણાટકના વેમાગલમાં 'ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ' અને 'એરબસ'ના સંયુક્ત સાહસ હેઠળ ૐ-૧૨૫ હેલિકોપ્ટર એસેમ્બલી લાઈનનું ઉદ્ઘાટન કર્યું છે. આ ભારતની પ્રથમ ખાનગી ક્ષેત્રની હેલિકોપ્ટર ફાઈનલ એસેમ્બલી લાઈન છે, જે 'આત્મનિર્ભર ભારત' અભિયાનને વેગ આપશે. વડાપ્રધાન મોદીએ ગર્વ સાથે જણાવ્યું કે, ભારત અને ફ્રાન્સ સંયુક્ત રીતે વિશ્વનું એકમાત્ર એવું હેલિકોપ્ટર બનાવશે જે



માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ સુધી ઉડવા સક્ષમ હશે. આ હળવા વજનનું મલ્ટી-રોલ હેલિકોપ્ટર હિમાલય જેવા દુર્ગમ વિસ્તારોમાં સૈન્ય કામગીરી તેમજ નાગરિક સેવાઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. પ્રથમ 'મેડ ઈન ઈન્ડિયા' ૐ-૧૨૫ હેલિકોપ્ટર ૨૦૨૭ની શરૂઆતમાં લોન્ચ થવાની ધારણા છે. રાષ્ટ્રપતિ મેક્રોનની ત્રણ દિવસીય મુલાકાત દરમિયાન સંરક્ષણ, ઊર્જા અને ટેકનોલોજી ક્ષેત્રે અનેક મહત્વપૂર્ણ સમજૂતીઓ થઈ છે, જેમાં ૧૧૪ રાફેલ ફાઈટર જેટના સોદાનો પણ સમાવેશ થાય છે. આ ભાગીદારીથી ભારત હવે દક્ષિણ એશિયાઈ દેશોમાં હેલિકોપ્ટરની નિકાસ પણ કરી શકશે.

# ઈડીનો ઉપયોગ કેન્દ્ર સરકાર હથીયાર તરીકે ઉપયોગ કરી રહ્યુ છે : મમતા

કોલકાત્તા,તા.૧૮

પશ્ચિમ બંગાળમાં I-PAC સાથે સંકળાયેલા રેડ કેસમાં બુધવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ. આ દરમિયાન મમતા સરકારે આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર પ્રવર્તન નિર્દેશાલય (ED) નો તે રાજ્યોમાં હથિયાર તરીકે ઉપયોગ કરી રહી છે, જ્યાં વિપક્ષની સરકાર છે.જ્યારે કેન્દ્રીય એજન્સીએ વળતો પ્રહાર કરતા કહ્યું કે અમે કોઈના હથિયાર નથી. બંગાળમાં મમતા સરકારે અમને ધમકાવ્યા. બંને પક્ષો વચ્ચેની દલીલ પર સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે કોનો હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને કોને ધમકાવવામાં આવી રહ્યા છે, તે અમે નક્કી કરીશું.ED એ I-PAC રેડ કેસની તપાસ કેન્દ્રીય તપાસ બ્યુરો (CBI) થી કરાવવાની માગ સાથે સુપ્રીમ કોર્ટમાં એક અરજી



દાખલ કરી હતી. ED નો આરોપ Au કે ૮ જાન્યુઆરીએ I-PAC ની ઓફિસો પર રેડ દરમિયાન CM મમતા બેનર્જી અને બંગાળ પોલીસના અધિકારીઓએ તેમની કાર્યવાહીમાં અવરોધ ઉભો કર્યો. સુપ્રીમ કોર્ટે કેસની સુનાવણી ૧૮ માર્ચ સુધી મુલતવી રાખી છે. આ પહેલા ૩ ફેબ્રુઆરીએ સુનાવણી મુલતવી રાખવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ૧૫ જાન્યુઆરીએ કહ્યું કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી દ્વારા ઈઙ ની તપાસમાં અવરોધ ઉભો કરવો એ ખૂબ જ ગંભીર મુદ્દો છે.

# આસામમાં ખાસ સુધારણા પ્રક્રિયાનો હેતુ લાયક મતદારોનો સમાવેશ કરવાનો : જ્ઞાનેશ કુમાર

ગૌહાટી, તા.૧૮

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે આસામમાં ખાસ મતદાર યાદી સુધારણા (SR) પ્રક્રિયાની સફળતા જાહેર કરી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ અભિયાનનો હેતુ માત્ર લાયક મતદારોને સામેલ કરી લોકશાહીની વિશ્વસનીયતા જાળવવાનો છે. રાજ્યમાં કુલ ૩૧,૪૮૬ મતદાન મથકો નક્કી કરાયા છે, જેમાં પારદર્શિતા માટે વેબકાસ્ટિંગની સુવિધા રહેશે. બિહુ જેવા સ્થાનિક તહેવારો અને સામાજિક



પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને જ ચૂંટણીનું સમયપત્રક જાહેર કરવામાં આવશે. ૧૨૬ બેઠકો પૈકી ૯૮ સામાન્ય, ૧૯ ST અને ૯ SC માટે અનામત છે. પંચનું લક્ષ્ય મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવાનું છે.

# આસામ કોંગ્રેસમાં મોટું ગાબડું : પૂર્વ પ્રદેશ પ્રમુખ ભૂપેન બોરા ભાજપમાં જોડાશે

ગુવાહાટી, તા.૧૮

આસામ વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. આસામ કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ પ્રદેશ પ્રમુખ ભૂપેન બોરાએ પક્ષમાંથી રાજીનામું આપ્યું છે અને તેઓ ટૂંક સમયમાં સત્તાવાર રીતે ભાજપમાં જોડાશે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ સોશિયલ મીડિયા પર આ અંગે પુષ્ટિ કરતા ભૂપેન બોરાને કોંગ્રેસના 'છેલ્લા અગ્રણી હિન્દુ નેતા' ગણાવ્યા હતા. ભૂપેન બોરા ૨૦૨૧ થી ૨૦૨૫ સુધી આસામ પ્રદેશ કોંગ્રેસ સમિતિ (APCC) ના અધ્યક્ષ રહ્યા હતા અને બિહપુરિયા બેઠક પરથી બે વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. કોંગ્રેસની કાર્યપદ્ધતિથી અસંતોષને કારણે તેમણે ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પક્ષ સાથેનો છેડો ફાડ્યો હતો. શ્રેષ્ઠ ધારાસભ્યનો પુરસ્કાર મેળવનાર બોરાના ભાજપમાં પ્રવેશથી રાજ્યમાં કોંગ્રેસની પકડ નબળી પડવાની શક્યતા છે.

# વૈષ્ણોદેવી રોપવે પ્રોજેક્ટનો ઉગ્ર વિરોધ : કટરામાં બજારો બંધ, હજારોની આજીવિકા પર સંકટ

કટરા, તા.૧૮

શ્રી માતા વૈષ્ણોદેવી મંદિર ભવન માર્ગ પર પ્રસ્તાવિત રોપવે પ્રોજેક્ટ સામે સ્થાનિકોનો વિરોધ તેજ બન્યો છે. બુધવારે કટરામાં એક દિવસીય પ્રતીકાત્મક હડતાળ પાડવામાં આવી હતી, જેમાં તમામ બજારો બંધ રહ્યા હતા અને હોટલોની બહાર 'રોપવે નહીં' ના પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા. સ્થાનિક હિતધારકોનો




દાવો છે કે રોપવે શરૂ થવાથી અંદાજે ૪.૫ લાખ લોકોની આજીવિકા જોખમાશે, જેમાં ૪,૦૦૦ ઘોડેસવાર, ૧૨,૦૦૦ કુલી અને હજારો દુકાનદારોનો સમાવેશ થાય છે. વિરોધકર્તાઓ મુજબ, આ પ્રોજેક્ટ પરંપરાગત ધાર્મિક યાત્રાના ક્રમને પણ અસર કરશે. બીજી તરફ, શ્રાઈન બોર્ડનું માનવું છે કે વાર્ષિક ૯૦ લાખ શ્રદ્ધાળુઓ, ખાસ કરીને વૃદ્ધો અને દિવ્યાંગોની સુવિધા માટે આ પ્રોજેક્ટ અનિવાર્ય છે. હાલમાં સ્થાનિકો અને પ્રશાસન વચ્ચે ગજગ્રાહ ચાલુ છે.

# ઈરાન-અમેરિકા પરમાણુ કરાર : 'માર્ગદર્શક સિદ્ધાંતો' પર સંમતિ, જે.ડી. વાન્સે ઈરાનને આપી 'લાલ રેખા'ની ચેતવણી

વોશિંગ્ટન, તા.૧૮

તેહરાનના પરમાણુ કાર્યક્રમ અંગે જિનીવામાં યોજાયેલી બીજા રાઉન્ડની વાટાઘાટોમાં યુએસ અને ઈરાની પ્રતિનિધિઓ સંભવિત કરાર માટેના 'માર્ગદર્શક સિદ્ધાંતો' પર સંમત થયા છે. ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ આને એક મહત્વપૂર્ણ શરૂઆત ગણાવી છે, જોકે તેમણે સ્પષ્ટ કર્યું છે કે અંતિમ કરાર સુધી પહોંચવામાં હજુ સમય લાગશે. અમેરિકાના



ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સે જણાવ્યું હતું કે વાટાઘાટોમાં પ્રગતિ થઈ છે, પરંતુ રાષ્ટ્રપતિ ટ્રમ્પે કેટલીક 'લાલ રેખાઓ' નક્કી કરી છે. ટ્રમ્પ વહીવટીતંત્ર ઈરાનના પરમાણુ કાર્યક્રમની સાથે તેના બેલિસ્ટિક મિસાઈલ કાર્યક્રમ અને આતંકવાદને મળતા સમર્થન પર પણ કાયમી રોક ઈચ્છે છે. ટ્રમ્પના ખાસ દૂતો સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર આ વાટાઘાટોનું નેતૃત્વ કરી રહ્યા છે. જે.ડી. વાન્સે ઈરાનને પરોક્ષ રીતે ચેતવણી આપતા કહ્યું કે, 'બધું ટેબલ પર છે.' તેમણે ઉમેર્યું કે અમેરિકા પાસે અત્યંત શક્તિશાળી સૈન્ય છે અને જો રાજદ્વારી પ્રયાસો નિષ્ફળ જશે, તો સૈન્ય વિકલ્પનો ઉપયોગ કરતા રાષ્ટ્રપતિ ખચકાશે નહીં. ટ્રમ્પ વહીવટીતંત્રની પ્રાથમિકતા ઈરાનને પરમાણુ શસ્ત્રો મેળવતા અટકાવવાની છે. આગામી બે અઠવાડિયામાં ઈરાન આ મુદ્દે વિગતવાર પ્રસ્તાવ રજૂ કરે તેવી શક્યતા છે.

# ICC રેન્કિંગમાં ઈશાન કિશનનો ધમાકો: ૧૭ સ્થાનની છલાંગ લગાવી ટોપ-૧૦માં સામેલ

નવી દિલ્હી, તા.૧૮

પાકિસ્તાન સામેની હાઈ-વોલ્ટેજ મેચમાં શક્તિશાળી ઈનિંગ રમનાર ભારતીય ઓપનર ઈશાન કિશન આઈસીસી ટી૨૦ રેન્કિંગમાં છવાઈ ગયો છે. ૧૫ ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામેના શાનદાર પ્રદર્શન બાદ ઈશાન ૧૭ સ્થાનના જંગી ઉછાળા સાથે હવે આઠમા ક્રમે પહોંચી ગયો છે. આ મેચમાં તે 'પ્લેયર ઓફ ધ મેચ'' પણ જાહેર થયો



હતો. બીજી તરફ, ભારતીય ઓપનર અભિષેક શર્મા T-૨૦ બેટિંગ રેન્કિંગમાં વિશ્વનો નંબર-૧ બેટ્સમેન યથાવત રહ્યો છે. શ્રીલંકાના પથુમ નિસાન્કા ત્રણ સ્થાનના સુધારા સાથે ત્રીજા સ્થાને અને ભારતનો તિલક વર્મા ચોથા સ્થાને પહોંચી ગયા છે. જોકે, પાકિસ્તાનના સાહિબજાદા ફરહાન અને ઈંગ્લેન્ડના જોસ બટલરના રેન્કિંગમાં ઘટાડો થયો છે. બોલિંગ રેન્કિંગમાં ભારતીય સ્પિનર વરુણ ચક્રવર્તી પ્રથમ સ્થાને યથાવત છે, જ્યારે અફઘાનિસ્તાનનો રાશિદ ખાન બીજા સ્થાને પહોંચી ગયો છે. ઓલરાઉન્ડર્સની યાદીમાં પાકિસ્તાનનો સેમ અયુબ ઝિમ્બાબ્વેના સિકંદર રઝાને પછાડીને વિશ્વનો નંબર-૧ T-૨૦ ઓલરાઉન્ડર બન્યો છે. ભારતીય ખેલાડીઓના આ વર્ચસ્વથી ક્રિકેટ જગતમાં ટીમ ઈન્ડિયાનો દબદબો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે.

### કુંડમાં ડુબેલી બે પુત્રીઓને બચાવવા જતાં માતાનું પણ કરૂણ મોત

# કોડીનારના આદપોકર ગામે કુંડમાં ડૂબી જવાથી માતા અને બે પુત્રી સહિત ત્રણના મોત

કોડીનાર, તા.૧૮

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના આદપોકર ગામે એક હૃદયદ્રાવક ઘટના ઘટી હતી. ગામના પ્રસિદ્ધ આદિનાથ મહાદેવ મંદિર પાસે આવેલા પવિત્ર કુંડમાં ડૂબી જવાથી એક જ પરિવારના ત્રણ સભ્યો જેમાં માતા અને તેની બે માસૂમ પુત્રીઓના મોત નીપજ્યા છે. આ અકસ્માતને પગલે આખા પંથકમાં અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે. મળતી માહિતી મુજબ, આદપોકર ગામે રહેતા વંશ પરિવારની બે દીકરીઓ, ૧૦ વર્ષીય રિતિકા અને ૬ વર્ષીય એંજલ, મંદિર પાસેના કુંડ નજીક રમી રહી હતી. રમત-રમતમાં અચાનક નાની બાળકી એંજલનો પગ લપસ્યો અને તે ઊંડા પાણીમાં ગરકાવ થવા લાગી. પોતાની વહાલી બહેનને ડૂબતી જોઈ તેને બચાવવા મોટી બહેન રિતિકાએ પણ પાણીમાં ઝંપલાવ્યું, પરંતુ તે પણ પાણીમાં ફસાઈ ગઈ હતી.



બંને દીકરીઓને મોતના મુખમાં જતી જોઈ માતા ઈલાબેન (ઉંમર ૪૦ વર્ષ) પણ તેમને બચાવવા માટે કુંડમાં કૂદી પડ્યા હતા. કમનસીબે, પાણીની ઊંડાઈ વધુ હોવાને કારણે ત્રણેય સભ્યો કુંડમાં ડૂબી ગયા હતા. બૂમાબૂમ થતા જ સ્થાનિક લોકો અને તરવૈયાઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કોડીનાર નગરપાલિકાની ફાયર ટીમ પણ તુરંત પહોંચી હતી. સ્થાનિકોની મદદથી બંને બાળકીઓના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા, જ્યારે માતા ઈલાબેનને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ તેમણે પણ અંતિમ શ્વાસ લીધા હતા. આ સમાચાર મળતા જ આદપોકરના સરપંચ વિજયસિંહ ચાવડા, સામાજિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો હોસ્પિટલ ખાતે એકઠા થયા હતા. ફૂલ જેવી બે દીકરીઓ અને માતાના અકાળે અવસાનથી વંશ પરિવાર પર આભ તૂટી પડ્યું છે. કોડીનાર પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### રમત-રમતમાં અચાનક નાની બાળકી એંજલનો પગ લપસ્યો અને દુર્ઘટના બની

# વિકસિત ગુજરાતમાં ઘટતી ખેતીલાયક જમીન : અમદાવાદ-ગાંધીનગરમાં ઉદ્યોગ અને બાંધકામનો વ્યાપ વધ્યો

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં ઝડપી શહેરીકરણ અને ઔદ્યોગિક વિકાસને કારણે ખેતીલાયક જમીનનું સંકટ ઘેરું બન્યું છે. તાજેતરના સરકારી આંકડા મુજબ, છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગરમાં અંદાજે ૧૦.૨૧ કરોડ ચોરસ મીટર ખેતીલાયક જમીન બિનખેતી (NA) માં પરિવર્તિત થઈ છે. આ પ્રક્રિયા દ્વારા સરકારને કુલ ૧૯૩.૬૮ કરોડ



રૂપિયાથી વધુની આવક થઈ છે. શહેરોના વિસ્તરણને કારણે સીમાડાના ગામડાઓ હવે 'કોંક્રીટના જંગલ' બની રહ્યા છે. ખેતીમાં વધતું જતું ખર્ચ, અપૂરતા ભાવ અને કૌટુંબિક વિખવાદને કારણે થતા જમીનના ટુકડાઓને લીધે ખેડૂતો ખેતી છોડી અન્ય વ્યવસાય તરફ વળી રહ્યા છે. અમદાવાદ જિલ્લામાં ૮.૧૧ કરોડ ચો.મી. અને ગાંધીનગરમાં ૨.૧૦ કરોડ ચો. મી. જમીન ઘટતા કૃષિ ક્ષેત્રે ચિંતા પ્રસરી છે. વિધાનસભામાં રજૂ થયેલી વિગતો મુજબ, જમીનના વધતા ભાવોનો લાભ લેવા ખેડૂતો જમીન વેચી રહ્યા છે. નિષ્ણાંતો ચેતવણી આપી રહ્યા છે કે જો આ સ્થિતિ ચાલુ રહેશે, તો ભવિષ્યમાં રાજ્યમાં ખેતીલાયક જમીનનો જથ્થો નોંધપાત્ર રીતે ઘટી જશે, જેની સીધી અસર ખેત ઉત્પાદન પર પડી શકે છે.

# ગુજરાત બજેટ ૨૦૨૬માં આરોગ્ય ક્ષેત્રે રૂ. ૨૫,૪૦૩ કરોડની ઐતિહાસિક જોગવાઈ, મધ્યમ વર્ગ માટે રાહતનો પિટારો

ગાંધીનગર, તા.૧૮

નાણામંત્રી કનુ દેસાઈએ વિધાનસભામાં 'વિકસિત ગુજરાત'ના સંકલ્પ સાથે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે રૂ. ૨૫,૪૦૩ કરોડ ફાળવ્યા છે. આ બજેટમાં રાજ્યના ૨.૭૨ કરોડ નાગરિકોને PMJAY-મા યોજના હેઠળ રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર પૂરી પાડવા માટે રૂ. ૩,૪૭૨ કરોડની માતૃબળ જોગવાઈ




કરાઈ છે. અમદાવાદ અને સુરતમાં નવી મલ્ટી સ્પેશ્યાલિટી અને સુપર સ્પેશ્યાલિટી (કેન્સર, કાર્ડિયાક, કિડની) હોસ્પિટલો માટે રૂ. ૫૦૦ કરોડની જાહેરાત કરવામાં આવી છે. રાજકોટમાં ૧૦૦૦ બેડની અત્યાધુનિક હોસ્પિટલ માટે રૂ. ૯૦ કરોડ ફાળવાયા છે. રાજ્ય સરકારે છેવાડાના વિસ્તારો સુધી સારવાર પહોંચાડવા યુ.એન. મહેતા અને કિડની ઈન્સ્ટિટ્યૂટના સેટેલાઈટ સેન્ટર્સના વિસ્તરણ પર ભાર મૂક્યો છે. માતૃ-બાળ કલ્યાણ માટે ૨૫૦ નવી 'ખિલખિલાટ વાન' અને બાળકોના સ્વાસ્થ્ય પરીક્ષણ માટે વિશેષ 'આરોગ્ય કાડ'ની વ્યવસ્થા કરવામાં આવી છે. બિનચેપી રોગોના નિયંત્રણ માટે 'શ્રેષ્ઠ ગુજરાત' પ્રોજેક્ટ હેઠળ રૂ. ૫૦૨ કરોડ ફાળવવામાં આવ્યા છે.

# રાજકોટમાં ગેરકાયદે ઘૂસણખોરી કરનાર વધુ ૪ બાંગ્લાદેશી મહિલાઓ ઝડપાઈ

રાજકોટ, તા.૧૮

રાજકોટ શહેર SOG પોલીસે બાતમીના આધારે આજીડેમ પોલીસ સ્ટેશન હેઠળના કોઠારીયા વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે રહેતી ચાર બાંગ્લાદેશી મહિલાઓની ધરપકડ કરી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ મહિલાઓ એક




સપ્તાહ પહેલાં જ એજન્ટ મારફતે પશ્ચિમ બંગાળ સરહદ ઓળંગી રાજકોટ આવી હતી અને મજૂરી કામ કરતી હતી. તેમની પાસેથી બાંગ્લાદેશી દસ્તાવેજો મળી આવ્યા છે, પરંતુ ભારતમાં રહેવા માટેના કોઈ માન્ય પુરાવા મળ્યા નથી. એસીપી ક્રાઈમ ભરત બસિયાના જણાવ્યા મુજબ, છેલ્લા ૮ મહિનાથી ચાલી રહેલી ડ્રાઈવ અંતર્ગત આ કાર્યવાહી કરવામાં આવી છે. અગાઉ પણ રાજકોટમાંથી ૩૪ બાંગ્લાદેશીઓને ઝડપી ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. આ મહિલાઓ બાંગ્લાદેશની બોમરા બોર્ડરથી જંગલ વિસ્તાર મારફતે ભારતમાં પ્રવેશી હોવાનું ખૂલ્યું છે. હાલ વિવિધ એજન્સીઓને જાણ કરી તેમને ડિપોર્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પોલીસની કામગીરીથી ઘુસણખોરોમાં ફફડાટ ફેલાયો છે.

# સુરતમાં બસમાંથી ઉતરવા જેવી નજીવી બાબતે સામસામો પથ્થરમારો

સુરત, તા.૧૮

સુરતમાં કલરકામ કરતા રાકેશ આહીર અને જગદન ગુપ્તા વચ્ચે બસમાં સાઈડ આપવા બાબતે જીભાજોડી થઈ હતી. વિવાદ વધતા બસની બહાર નીકળી બંને વચ્ચે પથ્થર અને ઈંટ વડે સામસામો હુમલો થયો હતો. ચોંકાવનારી બાબત એ રહી કે, જ્યારે વૃદ્ધ અને યુવક લોહીલુહાણ હાલતમાં લડી રહ્યા હતા, ત્યારે ત્યાં હાજર ૨૫ થી ૩૦ લોકોનું ટોળું તેમને છોડાવવાને બદલે મોબાઈલમાં વીડિયો ઉતારવામાં વ્યસ્ત હતું. આ મામલે ડીંડોલી પોલીસે રાકેશ આહીરની



ફરિયાદ પરથી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# સુરતમાં બોમ્બે માર્કેટમાં ભીષણ આગથી અફરાતફરી, શૂટ-શેરવાનીની દુકાન ખાખ

સુરત, તા.૧૮

સુરતના ઉમરવાડા સ્થિત બોમ્બે માર્કેટમાં મોડી રાત્રે મીટર પેટીમાં શોર્ટ સર્કિટને કારણે ભીષણ આગ ફાટી નીકળી હતી. આગની જ્વાળાઓ ઝડપથી પ્રસરીને બાજુમાં આવેલી 'શ્રી નાગણેચિયા ટેક્સટાઈલ' નામની દુકાન સુધી પહોંચી હતી. આ દુકાનમાં રાખેલો શૂટ, શેરવાની અને કુર્તાનો કિંમતી કાપડનો જથ્થો બળીને ખાખ થઈ જતાં



અંદાજે રૂ.૧૦ લાખનું નુકસાન થયું છે. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગની ૭ ગાડીઓએ સ્થળ પર પહોંચી બે કલાકના ભારે પરિશ્રમ બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, રાત્રિનો સમય હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ધુમાડાના ગોટા અને આગને કારણે માર્કેટમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.













